સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC
## CURRENT AFFAIRS

WEEK 27

[27/06/21 to 03/07/21]

સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)


GPSC 1/2, PSI/CONSTABLE, STI, Dy.SO, Dy.મામલતદાર, Sr.Clerk, ATDO, તલાટી, TET, TAT
બિનસચિવાલય કલાર્ક વગેરે વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે અત્યંત ઉપયોગી પુસ્તક

10-7-21 સુધી ઓફર મર્યાદિત


20% OFF

SPECIAL OFFER

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

~~MRP 270/-~~

PRICE = 216/-





સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે Click કરો.

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com


CONTACT US :

93757-01110 | www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot

# Timeline

**27 JUNE-2021**

- દિવસ મહિમા : 27 જૂન, MSME DAY ..... 02
- સ્માર્ટ સિટી એવોર્ડ 2020 ..... 02
- QUESTION ANSWERS ..... 05

**28 JUNE-2021**

- શ્રી સાજન પ્રકાશ ટોક્યો ઓલિમ્પિક માટે ક્વોલિફાઇ થનાર પ્રથમ ભારતીય સ્વિમર બન્યા ..... 06
- DRDOએ નવી પેઢીની પરમાણુ સક્ષમ બેલિસ્ટિક મિસાઈલ 'અગ્નિ- P'નું સફળ પરીક્ષણ કર્યુ ..... 06
- ગોવા ભારતનું પ્રથમ હડકવા મુક્ત રાજ્ય બન્યું ..... 07
- QUESTION ANSWERS ..... 09

**29 JUNE-2021**

- દિવસ મહિમા : 29 જૂન, રાષ્ટ્રીય આંકડાશાસ્ત્ર દિવસ (National Statistics Day) ..... 10
- કોરોનાની બીજી લહેર પછી રૂ. 6,28,993 કરોડના આર્થિક પેકેજની જાહેરાત ..... 10
- શ્રી પી. સાઈનાથને વર્ષ 2021નો ફુકુઓકા પુરસ્કાર આપવામાં આવ્યો ..... 14
- QUESTION ANSWERS ..... 15

**30 JUNE-2021**

- દિવસ મહિમા : 30 જૂન, (1) વિશ્વ સોશિયલ મીડિયા દિવસ (World Social Media Day)
  (2) આંતરરાષ્ટ્રીય સંસદીયતા દિવસ (International Day of Parliamentarism) ..... 16
- ભારતે મોડર્ના વેક્સિનના ઈમરજન્સી ઉપયોગ માટે મંજૂરી આપી ..... 16
- ઝેન ગાર્ડન અને કાઈઝેન એકેડમી ..... 17
- Global Cybersecurity Index - 2020 ..... 17
- QUESTION ANSWERS ..... 19

**01 JULY-2021**

- દિવસ મહિમા : 01 જુલાઈ, (1) રાષ્ટ્રીય ડોક્ટર દિવસ (National Doctor's Day)
  (2) GST DAY) ..... 20
- શ્રી અભિમન્યુ મિશ્રા 'ચેસ ઈતિહાસ'માં સૌથી યુવા ગ્રાન્ડમાસ્ટર બન્યા ..... 20
- 'સંઘ' અથવા 'કેન્દ્ર સરકાર' શબ્દ ..... 21
- કાલબેલિયા નૃત્ય ..... 22
- QUESTION ANSWERS ..... 23

**02 JULY-2021**

- હીટ ડોમ (Heat Dome) ..... 24
- કુવેમ્પુ રાષ્ટ્રીય પુરસ્કાર - 2020 ..... 25
- જમ્મુ-કાશ્મીરમાં 149 વર્ષ જૂની 'દરબાર મૂવ' પ્રથા બંધ કરવામાં આવી ..... 26
- QUESTION ANSWERS ..... 27

**03 JULY-2021**

- આંધ્રપ્રદેશ-તેલંગાણા જળ વિવાદ ..... 28
- ગુજરાતી રંગભૂમિના દિગ્ગજ એક્ટર શ્રી અરવિંદ રાઠોડનું નિધન ..... 30
- ગીધ સંરક્ષણ ..... 31
- QUESTION ANSWERS ..... 32

**ONE LINER** ..... 33

**QUESTION OF THIS WEEK** ..... 40

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 27 જૂન, MSME DAY

સંયુક્ત રાષ્ટ્ર દ્વારા દર વર્ષે 27 જૂનના રોજ 'MSME દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- 6 એપ્રિલ, 2017ના રોજ સંયુક્ત રાષ્ટ્રની સામાન્ય સભાના 74માં અધિવેશનમાં 27 જૂનને 'MSME દિવસ' તરીકે ઉજવવાની જાહેરાત કરવામાં આવી હતી.
- આ અંતર્ગત સૌપ્રથમ 27 જૂન, 2017ના રોજ પ્રથમ 'MSME દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી.

### MSMEનું પૂરું નામ શું છે ?

MSME નું પૂરું નામ 'Micro, Small and Medium-Sized Enterprises' છે.

- તેને ગુજરાતીમાં 'સુક્ષ્મ–લઘુ અને મધ્યમ કદના ઉદ્યોગો' તરીકે ઓળખવામાં આવે છે.

### ઉદ્દેશ

- સતત વિકાસના લક્ષ્યોને પ્રાપ્ત કરવામાં 'સુક્ષ્મ, લઘુ અને મધ્યમ કદના ઉદ્યોગો'ના મહત્ત્વને ધ્યાનમાં રાખીને સંયુક્ત રાષ્ટ્ર દ્વારા MSME દિવસની ઉજવણીની જાહેરાત કરવામાં આવી હતી.

### વર્ષ 2021ની થીમ

- યુનાઈટેડ નેશન્સ દ્વારા જાહેર કરવામાં આવેલી વર્ષ 2021ની થીમ 'Key to an Inclusive and Sustainable Recovery' છે.

## સ્માર્ટ સિટી એવોર્ડ 2020

'સ્માર્ટ સિટીઝ મિશન' અંતર્ગત 25 જૂનના રોજ 'સ્માર્ટ સિટી એવોર્ડ– 2020'ની જાહેરાત કરવામાં આવી હતી.

- આ એવોર્ડની જાહેરાત 25 જૂન, 2021ના રોજ કેન્દ્રીય આવાસ અને શહેરી બાબતોના મંત્રાલયે 'સ્માર્ટ મિશન', 'AMRUT' અને 'PMAY-U' નામના ત્રણ શહેરી પરિવર્તન મિશન લોન્ચના 6 વર્ષ પૂર્ણ થવા પર એક કાર્યક્રમમાં કરવામાં આવી હતી.




- આ એવોર્ડ 'સામાજિક બાબતો, શાસન, શહેરી પર્યાવરણ, સ્વચ્છતા, સંસ્કૃતિ, અર્થતંત્ર, પાણી અને શહેરી ગતિશીલતા' થીમ અથવા વિષય હેઠળ આપવામાં આવ્યા છે.
- ઈન્ડિયા સ્માર્ટ સિટીઝ એવોર્ડ 2020 અંતર્ગત ઉત્તરપ્રદેશ રાજ્યને ટોચના પરફોર્મિંગ રાજ્ય તરીકે સ્થાન આપવામાં આવ્યું છે. ત્યારબાદ મધ્યપ્રદેશ બીજા અને તમિલનાડુ ત્રીજા સ્થાને છે.
- દેશના 100 સ્માર્ટ સિટીમાં ઓવરઓલ પરફોર્મન્સમાં સુરત અને ઈન્દોરે સંયુક્ત રીતે એવોર્ડ જીત્યો છે.
- જ્યારે ચંદીગઢને શ્રેષ્ઠ કેન્દ્રશાસિત પ્રદેશનો એવોર્ડ આપવામાં આવ્યો છે.
- સ્માર્ટ સિટી લીડરશિપ કેટેગરીમાં અમદાવાદને પ્રથમ ક્રમાંકનો એવોર્ડ તથા અર્બન મોબિલિટીમાં ત્રીજા ક્રમાંકનો એવોર્ડ મળ્યો છે.

## India Smart Cities Award-2020

- વિવિધ પરિબળોના આધારે 100 સ્માર્ટ સિટીનું મૂલ્યાંકન કરવામાં આવે છે અને ત્યારબાદ આ પુરસ્કારની સૂચી બહાર પાડવામાં આવે છે.
- ઈન્ડિયા સ્માર્ટ સિટીઝ એવોર્ડ–2020 અંતર્ગત વિવિધ કેટેગરી મુજબના એવોર્ડ વિજેતા નીચે મુજબ દર્શાવ્યા છે.

## ઓવરઓલ પરફોર્મન્સ

- ગુજરાતના સુરત અને મધ્યપ્રદેશના ઈન્દોરને વર્ષ 2020માં તેમના સર્વશ્રેષ્ઠ પ્રદર્શન માટે સર્વશ્રેષ્ઠ એવોર્ડ જીત્યો છે.

## ઓવરઓલ પરફોર્મન્સ - રાજ્યો

| ક્રમ | રાજ્ય |
|---|---|
| 1 | ઉત્તરપ્રદેશ |
| 2 | મધ્યપ્રદેશ |
| 3 | તમિલનાડુ |

## ઓવરઓલ પરફોર્મન્સ- કેન્દ્રશાસિતપ્રદેશ

- ઈન્ડિયા સ્માર્ટ સિટીઝ એવોર્ડ– 2020 અંતર્ગત ઓવરઓલ પરફોર્મન્સ કેન્દ્રશાસિત પ્રદેશમાં ચંદિગઢને તેમના સર્વશ્રેષ્ઠ પ્રદર્શન માટે એવોર્ડ આપવામાં આવ્યો છે.

## સ્માર્ટ સિટીઝ લીડરશિપ એવોર્ડ

| ક્રમ | સિટી |
|---|---|
| 1 | અમદાવાદ |
| 2 | વારાણસી |
| 3 | રાંચી |

## વિવિધ કેટેગરીમાં અન્ય એવોર્ડ

- તિરુપતિએ સામાજિક બાબતો (Social Aspcts) કેટેગરી અંતર્ગત 'મ્યુનિસિપલ સ્કૂલ માટે હેલ્થ બેંચમાર્ક' માટે એવોર્ડ જીત્યો છે. જ્યારે ભૂવનેશ્વરને આ કેટેગરી અંતર્ગત 'સોશિયલ સ્માર્ટ ભૂવનેશ્વર'નો એવોર્ડ મળ્યો હતો.
- વડોદરાને શાસન (Governance) કેટેગરી હેઠળ પ્રથમ ક્રમાંક મળ્યો છે. જ્યારે થાણે બીજા નંબરે રહ્યું છે.
- શહેરી પર્યાવરણ (Urban Environment) કેટેગરી હેઠળ પ્રથમ ક્રમાંકે ભોપાલ અને બીજા ક્રમાંકે ચેન્નાઈએ એવોર્ડ જીત્યો છે.
- ઈન્દોરને હેરિટેજના સંરક્ષણ માટે કલ્ચર કેટગરી હેઠળ પ્રથમ ક્રમાંકે એવોર્ડ મળ્યો છે. આ ઉપરાંત ઈકોનોમિક કેટેગરી હેઠળ ઈન્દોરને કાર્બન ક્રેડિટ ફાઈનાન્સિંગ મિકેનિઝમ માટે એવોર્ડ મળ્યો છે.
- અર્બન મોબિલિટી કેટેગરીમાં ઔરંગાબાદ પ્રથમ ક્રમાંક અને અમદાવાદ ત્રીજા ક્રમાંકે રહ્યું છે.


INSTITUTE FOR COMPETITIVE EXAMS

- જ્યારે દેહરાદુન વોટર કેટેગરીમાં પ્રથમ નંબરે રહ્યું છે. તેમને સ્માર્ટ વોટર મીટરિંગ વોટર એ.ટી.એમ માટે એવોર્ડ આપવામાં આવ્યો છે.
- સુરત, ઈન્દોર, પુણે, રાજકોટ, વિજયવાડા, વડોદરા અને પિંપરી–ચિંચવાડને કલાયમેટ–સ્માર્ટ સિટીઝ એસસમેન્ટ ફ્રેમવર્ક હેઠળ 4 સ્ટાર રેટિંગ આપવામાં આવ્યું હતું.

**નોંધ : (1) સ્માર્ટ સિટી મિશન, AMRUT અને PMAY-U યોજનાઓની શરૂઆત 25 જૂન 2015ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કરી હતી.**

**(2) AMRUT નું પૂરું નામ 'Atal Mission for Rejuvenation & Urban Transformation' છે.**

**(3) PMAY-U નું પૂરું નામ 'Pradhan Mantri Awas Yojna - Urban' છે.**



## SUNDAY Questions

1. સંયુક્ત રાષ્ટ્ર દ્વારા 'MSME દિવસ' તરીકે કયા દિવસની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 25 જૂન (B) 26 જૂન (C) 27 જૂન (D) 28 જૂન **(C)**

2. વર્ષ 2021ના 'MSME દિવસ'ની થીમ શું છે ?

(A) Key to an Inclusive and Sustainble Recovery

(B) World's MSME, Global Aspirations.

(C) Covid-19 : The Great Lockdown and its Impact on Small Business.

(D) Covid-19 The Great Lockdown and its Impact on Business. **(A)**

3. 'ઈન્ડિયા સ્માર્ટ સિટી એવોર્ડ– 2020' અંતર્ગત ઓલઓવર પરફોર્મન્સમાં કયા બે શહેરે સંયુક્ત રીતે એવોર્ડ જીત્યો છે ?

(A) ઈન્દોર–રાજકોટ (B) સુરત–કાનપુર (C) ઈન્દોર–સુરત (D) વડોદરા–જયપુર **(C)**

4. 'ઈન્ડિયા સ્માર્ટ સિટી એવોર્ડ–2020' અંતર્ગત કયું રાજ્ય ઓલઓવર પરફોર્મન્સમાં પ્રથમ ક્રમાંકે રહ્યું છે ?

(A) રાજસ્થાન (B) ઉત્તરપ્રદેશ (C) ગુજરાત (D) મધ્યપ્રદેશ **(B)**

5. 'ઈન્ડિયા સ્માર્ટ સિટી એવોર્ડ–2020' અંતર્ગત ______ કેન્દ્રશાસિત પ્રદેશને ઓલઓવર પરફોર્મન્સ માટે એવોર્ડ મળ્યો છે ?

(A) દિલ્હી (B) ચંદિગઢ (C) લક્ષદ્વીપ (D) અંદમાન–નિકોબાર **(B)**

6. 'ઈન્ડિયા સ્માર્ટ સિટી એવોર્ડ–2020'ની સ્માર્ટ સિટી લીડરશિપની કેટેગરીમાં કયા શહેરને પ્રથમ ક્રમાંકે એવોર્ડ મળ્યો છે ?

(A) અમદાવાદ (B) વડોદરા (C) સુરત (D) રાજકોટ **(A)**

7. 'સ્માર્ટ સિટી મિશન', 'AMRUT' અને 'PMAY-U' યોજનાઓની શરૂઆત વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ક્યારે કરી હતી ?

(A) 25 જૂન, 2020 (B) 25 જૂન, 2019 (C) 25 જૂન, 2016 (D) 25 જૂન, 2015 **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## શ્રી સાજન પ્રકાશ ટોક્યો ઓલિમ્પિક માટે ક્વોલિફાઈ થનાર પ્રથમ ભારતીય સ્વિમર બન્યા




શ્રી સાજન પ્રકાશ આગામી ટોક્યો ઓલિમ્પિક માટે ક્વોલિફાઈ થનાર પ્રથમ ભારતીય સ્વિમર બન્યા છે.

- શ્રી સાજન પ્રકાશે રોમમાં આયોજિત સેટે કોલી ટ્રોફીમાં પુરુષોની 200 મીટર બટરફ્લાયમાં 1 મિનિટ 56.48 સેકન્ડ સમય સાથે સિધ્ધિ મેળવી હતી.
- જ્યારે ઓલિમ્પિક ક્વોલિફિકેશન કટ ઓફ 1 મિનિટ અને 56.48 સેકન્ડનું હતું.
- આ સાથે તેઓ આ ઈવેન્ટમાં પ્રથમ નંબર પર રહ્યા હતા.
- આ અગાઉ શ્રી સાજન પ્રકાશ અને શ્રી હરી નટરાજે થોડા દિવસ પહેલા બેલગ્રાડ ટ્રોફી સ્વિમિંગ સ્પર્ધામાં ગોલ્ડ મેડલ મેળવ્યો હતો.
- શ્રી સાજન પ્રકાશ ભારતીય તરણવીર (સ્વિમર) છે. તેઓ કેરળના રહેવાસી છે.
- વર્ષ 2015માં કેરળમાં આયોજિત નેશનલ ગેમ્સમાં તેમણે 6 ગોલ્ડ અને 3 સિલ્વર મેડલ જીતી રેકોર્ડ બનાવ્યો હતો.
- આ ઉપરાંત તેમણે વર્ષ 2016માં રિયો ઓલિમ્પિકસમાં પણ ભાગ લીધો હતો.

## DRDOએ નવી પેઢીની પરમાણુ સક્ષમ બેલિસ્ટિક મિસાઈલ ‘અગ્નિ- P’નું સફળ પરીક્ષણ કર્યુ

28 જૂન, 2021ના રોજ DRDOએ નવી પેઢીની પરમાણુ સક્ષમ બેલિસ્ટિક મિસાઈલ ‘અગ્નિ– P’ (Agni-P)નું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યુ હતું.

- ઓડિશાના બાલાસોર ખાતે આવેલા ડો. અબ્દુલ કલામ આઈલેન્ડ (જૂનું નામ : વ્હીલર આઈલેન્ડ) પરથી આ પરીક્ષણ કરવામાં આવ્યું હતું.
- આ મિસાઈલને ‘અગ્નિ પ્રાઈમ’ તરીકે પણ ઓળખવામાં આવે છે.

### અગ્નિ- P મિસાઈલની વિશેષતા

અગ્નિ પ્રાઈમએ ‘ઈન્ટિગ્રેટેડ ગાઈડેડ મિસાઈલ ડેવલપમેન્ટ પ્રોગ્રામ’ હેઠળ અગ્નિ વર્ગની નવી પેઢીનું અપગ્રેડ કરેલું સંસ્કરણ છે.

- તે ‘કેનિસ્ટર બેઝ્ડ સિસ્ટમ’ની મિસાઈલ છે. જેની પ્રહાર ક્ષમતા 1000 થી 2000 કિલોમીટરની છે.
- તેમાં કમ્પોઝિટર, પ્રોપલ્શન સિસ્ટમ, નવી ગાઈડન્સ અને કન્ટ્રોલ સિસ્ટમ તથા અત્યાધુનિક નેવિગેશન સિસ્ટમ સહિતની ઘણી અદ્યતન તકનીકીઓ છે.
- તે આ વર્ગની અન્ય મિસાઈલ કરતા ઘણી નાની અને હળવી છે.



નોંધ : (1) ‘કેનિસ્ટર બેઝ્ડ લોન્ચ સિસ્ટમ’ પરિવહન માટેના કન્ટેનર તરીકે કાર્ય કરે છે.

(2) કેનિસ્ટર બેઝ્ડ સિસ્ટમ મિસાઈલને લોન્ચ કરવા માટે આવશ્યક સમયને ઘટાડે છે. અને તેના સંગ્રહ અને ગતિશિલતામાં સુધારો કરે છે.

## અન્ય અગ્નિ મિસાઈલની પ્રહાર ક્ષમતા

| ક્રમ | મિસાઈલ | પ્રહાર ક્ષમતા |
|---|---|---|
| 1 | અગ્નિ I | 700 થી 800 કિ.મી |
| 2 | અગ્નિ II | 2000 કિ.મી |
| 3 | અગ્નિ III | 2500 કિ.મી |
| 4 | અગ્નિ IV | 3500 કિ.મી |
| 5 | અગ્નિ V | 5000 કિ.મી |

- નોંધ : (1) અગ્નિ-1 મિસાઈલનું 25 જાન્યુઆરી, 2002ના રોજ પરીક્ષણ કરવામાં આવ્યું હતું.
  (2) DRDOનું પૂરું નામ 'Defence Research and Development Organisation' છે.
  (3) DRDO ના વર્તમાન વડા ડો. જી. સતીષ રેડ્ડી છે.
  (4) ઈન્ટિગ્રેટેડ ગાઈડેડ મિસાઈલ ડેવલપમેન્ટ પ્રોગ્રામ (IGMDP)ની સ્થાપનાનો વિચાર પ્રખ્યાત વૈજ્ઞાનિક શ્રી ડો. એ.પી.જે અબ્દુલ કલામે આપ્યો હતો.

## ગોવા ભારતનું પ્રથમ હડકવા મુક્ત રાજ્ય બન્યું

તાજેતરમાં ગોવાના મુખ્યમંત્રી શ્રી પ્રમોદ સાવંતે ગોવાને દેશનું પ્રથમ હડકવા મુક્ત રાજ્ય જાહેર કર્યુ છે.

- મુખ્યમંત્રી શ્રી પ્રમોદ સાવંતના જણાવ્યા અનુસાર ગોવા રાજ્યમાં છેલ્લા ત્રણ વર્ષમાં હડકવાનો એક પણ કેસ નોંધાયો નથી.
- ગોવામાં કુતરાઓમાં હડકવા સામે 5,40,593 રસીકરણ કરવામાં આવ્યું છે.
- હડકવાને કાબૂમાં રાખવાનું કામ 'મિશન રેબીઝ પ્રોજેક્ટ' દ્વારા હાથ ધરવામાં આવ્યું હતું.
- હડકવાને અંગ્રેજીમાં રેબીજ (Rabies) તરીકે ઓળખવામાં આવે છે.
- ગોવામાં હડકવાના નિવારણ માટે એક લાખ લોકોને શિક્ષિત કરવામાં આવ્યા છે.
- હડકવા એ ભારતમાં એક મોટી જાહેર આરોગ્ય સમસ્યા છે. જેના કારણે વાર્ષિક 20,000ના મૃત્યું થાય છે.

### મિશન રેબીજ

મિશન રેબીજ (Mission Rabies) એક ચેરિટી છે.

- જે શરૂઆતમાં વર્લ્ડવાઈડ વેટનરી સર્વિસ (WVS) દ્વારા પહેલ તરીકે સ્થાપિત કરવામાં આવી હતી.
- તે યુનાઈટેડ કિંગ્ડમ સ્થિત ચેરિટી સમૂહ છે જે પ્રાણીઓને મદદ કરે છે.
- મિશન રેબીઝ 'વન હેલ્થ એપ્રોચ' સાથે કામ કરે છે.
- વર્ષ 2013માં ભારતમાં હડકવા સામે 50,000 કુતરાઓને રસી આપવાના હેતુથી તેની શરૂઆત કરવામાં આવી હતી.
- મિશન રેબીઝ ટીમોએ 2013 થી 9,68,287 કુતરાઓને રસી આપી છે.

## હડકવા (Rabies)

હડકવા એ <u>રિબોન્યૂક્લિક એસિડ</u> (RNA) વાયરસથી થાય છે તથા તે એક પ્રાણઘાતક રોગ છે. જે <u>મધ્યસ્થ ચેતાતંત્ર</u>ને અસર કરે છે.

- તેનું સંક્રમણ હડકાયા કુતરા, વરુ, શીયાળ અને વાંદરા જેવા પ્રાણીઓના કરડવાથી થાય છે.
- મનુષ્યમાં હડકવાના **99%** ચેપ માટે કુતરા જવાબદાર છે.
- હડકવાના લક્ષણો નીચે મુજબ દર્શાવ્યા છે :

(1) ઘા પર દુઃખાવો થવો અથવા ખંજવાળ આવવી.

(2) તાવ આવવો

(3) 2 થી 4 દિવસ સુધી સતત માથાનો દુખાવો થવો.


(4) રોગીને પાણીથી ભય લાગે છે તથા રોગી કુતરા જેવા અવાજે ભસવા લાગે છે.

- આ રોગથી બચવા માટે હડકવાની રસી લેવામાં આવે છે.

નોંધ : (1) સૌપ્રથમ વખત હડકવાની રસીની શોધ <u>શ્રી લુઈસ પાશ્ચરે</u> કરી હતી.

(2) સમગ્ર વિશ્વમાં 28 સપ્ટેમ્બરના રોજ '<u>વિશ્વ હડકવા દિવસ</u>'ની ઉજવણી કરવામાં આવે છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. ટોક્યો ઓલિમ્પિક માટે ક્વોલિફાઈ થનાર ભારતીય સ્વિમર કોણ છે ?

(A) શ્રી કુશગ્રા રાવત (B) શ્રી સાજન પ્રકાશ (C) શ્રી સંદીપ સેજવાલ (D) શ્રી નટરાજ **(B)**

2. શ્રી સાજન પ્રકાશ કઈ રમત સાથે સંકળાયેલ છે ?

(A) સ્વિમિંગ (B) ગોલ્ફ (C) ટેનીસ (D) તીરંદાજી **(A)**

3. ભારતીય સ્વીમર શ્રી સાજન પ્રકાશ કયા રાજ્યના રહેવાસી છે ?

(A) કેરળ (B) રાજસ્થાન (C) ઉત્તરપ્રદેશ (D) હરિયાણા **(A)**

4. 21 જૂન 2021 ના DRDOએ અગ્નિ વર્ગની કઈ મિસાઈલનું સફળ પરીક્ષણ કર્યુ છે ?

(A) અગ્નિ-Z (B) અગ્નિ-M (C) અગ્નિ-P (D) અગ્નિ-Y **(C)**

5. 'અગ્નિ-P' મિસાઈલ સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

(A) આ મિસાઈલને 'અગ્નિ પ્રાઈમ' તરીકે પણ ઓળખવામાં આવે છે.

(B) તે પરમાણુ સક્ષમ બેલિસ્ટિક મિસાઈલ છે.

(C) તેની પ્રહાર ક્ષમતા 1000 થી 2000 કિલોમીટરની છે.


(D) ઉપરોક્ત તમામ **(D)**

6. તાજેતરમાં કયું રાજ્ય ભારતનું પ્રથમ હડકવા મુક્ત રાજ્ય બન્યું છે ?

(A) કેરળ (B) ગોવા (C) હરિયાણા (D) મધ્યપ્રદેશ **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 29 જૂન, રાષ્ટ્રીય આંકડાશાસ્ત્ર દિવસ (National Statistics Day)




ભારત સરકાર દ્વારા ભારતમાં દર વર્ષે 29 જૂનને 'National Statistics Day' અથવા તો 'રાષ્ટ્રીય આંકડાશાસ્ત્ર દિવસ' તરીકે ઉજવવામાં આવે છે.

- ભારતીય આંકડાકીય પ્રણાલીના વિકાસમાં શ્રી પી.સી. મહાલનોબિસના પ્રદાનને બિરદાવવા માટે ભારતમાં વર્ષ 2006 થી તેમનો જન્મ દિન 29 જૂન 'આંકડાશાસ્ત્ર દિવસ' તરીકે ઉજવાય છે.
- આ ઉપરાંત આ દિવસની ઉજવણીનો અન્ય એક હેતુ ભારતમાં સામાજિક–આર્થિક આયોજન તથા નીતિ નિર્માણમાં આંકડાકીય માહિતીના મહત્ત્વ અંગે જાગરુકતા લાવવાનો છે.
- વર્ષ 2021ની 'નેશનલ સ્ટેટિક્સ ડે'ની થીમ 'SDG-2' અથવા તો 'End Hunger, Achieve Food Security and Improved Nutrition and Promote Sustainable Agriculture' છે.

## કોરોનાની બીજી લહેર પછી રૂ. 6,28,993 કરોડના આર્થિક પેકેજની જાહેરાત

કેન્દ્રીય નાણાં અને કોર્પોરેટ બાબતોના મંત્રી શ્રીમતી નિર્મલા સીતારામને કોવિડ-19 મહામારીની બીજી લહેરથી અસરગ્રસ્ત વિવિધ ક્ષેત્રોને વેગ આપવાના ઉદ્દેશ્યથી રૂ. 6,28,993 કરોડના આર્થિક પેકેજની જાહેરાત કરી છે.

- સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના અહેવાલ મુજબ આ પેકેજથી રાજકોષીય ખાધમાં 0.6%નો વધારો થશે.
- આર્થિક રાહત પેકેજમાં કુલ 17 પગલાંઓ સાથે 6,28,993 કરોડ રૂપિયાની જાહેરાત કરવામાં આવી છે.
- આ જાહેર કરાયેલ 17 પગલાંને નીચે મુજબની ત્રણ વિસ્તૃત શ્રેણીમાં દર્શાવવામાં આવ્યા છે :

(A) મહામારીને પહોંચી વળવા આર્થિક રાહત

(B) જાહેર આરોગ્યને મજબૂત કરવું

(C) વિકાસ અને રોજગારને પ્રોત્સાહન–વેગ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### (A) મહામારીને પહોચી વળવા આર્થિક રાહત

- આ જાહેર કરવામાં આવેલ 17 પગલાં અથવા યોજનામાંથી મુખ્ય આઠનો ઉદ્દેશ કોવિડ-19 મહામારીથી અસરગ્રસ્ત થયેલા લોકો અને ધંધાઓને આર્થિક રાહત પૂરી પાડવાનો છે.

### કોવિડ અસરગ્રસ્ત ક્ષેત્રો માટે ક્રેડિટ ગેરંટી યોજના

આ યોજના હેઠળ વ્યવસાયોને રૂ. 1.1 લાખ કરોડનું વધારાનું ધિરાણ મળી રહેશે.

- જેમાં આરોગ્ય ક્ષેત્ર માટે રૂ. 50,000 કરોડ અને પર્યટન ક્ષેત્રો માટે રૂ. 60,000 કરોડનો સમાવેશ થાય છે.
- આરોગ્ય ક્ષેત્ર માટેના ઘટકનો હેતુ વંચિત રહી ગયેલા વિસ્તારોને લક્ષ્યાંક બનાવીને મેડિકલ ઈન્ફ્રાસ્ટ્રકચર વધારવાનો છે.
- 8 મેટ્રોપોલિટન શહેરો સિવાયના શહેરોમાં આરોગ્ય અથવા મેડિકલ ઈન્ફ્રાસ્ટ્રકચર સંબંધી વિસ્તરણ અને નવા પ્રોજેક્ટસ બંને માટે ગેરન્ટી કવર ઉપલબ્ધ રહેશે.

- વિસ્તરણ માટે ગેરન્ટી કવર 50% અને નવા પ્રોજેક્ટસ માટે ગેરન્ટી કવર 75% રહેશે.
- આકાંક્ષી જિલ્લાઓના કિસ્સામાં નવા પ્રોજેક્ટ અને વિસ્તરણ બંને માટે ગેરન્ટી કવર 75% રહેશે.
- આ યોજના હેઠળ મહત્તમ મળવાપાત્ર લોન રૂ. 100 કરોડ છે અને ગેરન્ટી કવર 3 વર્ષ સુધી રહેશે.
- બેન્કો આ લોન પર મહત્તમ 7.95% વ્યાજ લઈ શકશે.

## ઈમરજન્સી ક્રેડિટ લાઈન ગેરન્ટી યોજના

- કેન્દ્ર સરકારે મે 2020માં શરૂ કરાયેલ આત્મનિર્ભર ભારત પેકેજના ભાગરૂપે ઈમરજન્સી ક્રેડિટ લાઈન ગેરન્ટી યોજનાને રૂ. 1.5 લાખ કરોડ સુધી વિસ્તરવાનું નક્કી કર્યુ છે.

## માઈક્રો ફાઈનાન્સ સંસ્થાઓ માટે ક્રેડિટ ગેરંટી યોજના

- આ એક સંપૂર્ણપણે નવી યોજના છે. જેનો મુખ્ય ઉદ્દેશ ફાઈનાન્સ ઈન્સ્ટિટ્યુશન્સ દ્વારા જેમને સેવાઓ આપવામાં આવે છે એવા નાનામા નાના ધિરાણ મેળવનારાઓને લાભ આપવાનો છે.
- આ અંતર્ગત આશરે 25 લાખ નાના લોનધારકોને રૂ. 1.25 લાખ સુધીનું ધિરાણ આપવા માટે શેડ્યુલ્ડ કોમર્શિયલ બેન્કોને ગેરન્ટી પૂરી પાડવામાં આવશે.

## ટુરિસ્ટ ગાઈડ અને હિતધારકો માટેની યોજના

- આ પણ એક સંપૂર્ણપણે નવી જ યોજના છે. આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ પર્યટન ક્ષેત્રમાં કામ કરી રહેલા લોકોને રાહત પૂરી પાડવાનો છે.
- આ યોજના અંતર્ગત 10,700 પ્રાદેશિક સ્તરના રજિસ્ટર્ડ ટુરિસ્ટ ગાઈડ અને ટ્રાવેલ ટીરઝમને નાણાકીય સહાય મળશે.
- ટુરિસ્ટ એજન્સીને રૂ. 10 લાખ અને લાઈસન્સ ધરાવતા ટુરિસ્ટ ગાઈડને રૂ. 1 લાખ સુધીની લોન મળશે.

## 5 લાખ પર્યટકોને મફત ટુરિસ્ટ વિઝા

- પર્યટન ક્ષેત્રને પ્રોત્સાહન આપવા માટેની આ યોજના છે.
- આ યોજના અંતર્ગત ભારતની મુલાકાત લેવા માટે પહેલા 5 લાખ ટુરિસ્ટ વિઝા નિઃશુલ્ક જારી કરવામાં આવશે.
- જો કે એક પર્યટક માત્ર એક વાર આ યોજનાનો લાભ લઈ શકશે.
- આ સુવિધા 31 માર્ચ, 2022 અથવા પહેલા 5 લાખ વિઝા જારી થાય ત્યા સુધી ચાલુ રહેશે.
- આ યોજનાથી સરકારને અંદાજિત 100 કરોડનો બોજો પડશે.

## આત્મનિર્ભર ભારત રોજગાર યોજના લંબાવાઈ

- આત્મનિર્ભર ભારત રોજગાર યોજના 30 જૂન, 2021 થી 31 માર્ચ, 2022 સુધી લંબાવવામાં આવી છે.
- આ યોજના 1 ઓક્ટોબર, 2020ના રોજ નોકરીદાતાઓને નવા રોજગાર સર્જન અને નોકરી ગુમાવી દીધેલાના પુનસ્થાપન માટે EPFOના માધ્યમથી શરૂ કરવામાં આવી હતી.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## DAP અને NPK ખાતરો માટે વધારાની સબસિડી

ખેડૂતોને રૂ. 14775 કરોડની વધારાની રકમનો લાભ થશે.

- જેમાં DAP રૂ. 9125 કરોડની સબસિડી અને NPK આધારિત કોમ્પ્લેક્સ ખાતર માટે રૂ. 5650 કરોડની વધારાની સબસિડી આપવામાં આવશે.

## પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના

- પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના અંતર્ગત નવેમ્બર 2021 સુધી લાભાર્થીઓને 5 કિલ્લો અનાજ મફત પૂરું પાડવામાં આવશે.

## (B) જાહેર આરોગ્યનું મજબૂતીકરણ

## બાળકોના આરોગ્ય માટે રૂ. 23,220 કરોડ

ક્રેડિટ ગેરન્ટી યોજના મારફત આરોગ્ય ક્ષેત્રને મદદ કરવા ઉપરાંત જાહેર આરોગ્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને માનવ સંસાધનોને મજબૂત કરવા માટે રૂ. 23,220 કરોડના ખર્ચ સાથેની યોજનાની પણ જાહેરાત કરવામાં આવી છે.

- આ યોજના બાળકો અને બાળ ચિકિત્સા સંભાળ પર વિશેષ ભાર સાથે ટૂંકા ગાળાની ઈમરજન્સીની સજ્જતા પર ધ્યાન કેન્દ્રીત કરશે.

## (C) વિકાસ અને રોજગારને પ્રોત્સાહન-વેગ

- વિકાસ અને રોજગારને વેગ આપવા માટે સરકાર દ્વારા વિશેષ ધ્યાન અપાયું છે. આ માટે નીચેની આઠ યોજનાઓ જાહેર કરવામાં આવી છે.

## આબોહવા સામે ખાસ વિશિષ્ટ વિવિધતાઓ

ભારતીય કૃષિ સંશોધન પરિષદ (ICMR)એ પ્રોટીન, આયર્ન, જસત, વિટામિન–એ અને ઉચ્ચ પોષક મૂલ્યવાળી બાયોફોર્ટીફાઈડ પાકની જાતો વિકસાવી છે.

- આ જાતો રોગ, જંતુ, ઉપદ્રવ, દુકાળ, ખારાશ અને પૂર સામે સહનશીલ છે. તથા વહેલી પાકે છે અને યાંત્રીક લણણી માટે યોગ્ય છે.
- ચોખા, કઠોળ, જુવાર, મકાઈ, સોયાબિન, કિન–વાહ, વાલ, અડદ, બાજરી જેવી 21 જાતો દેશને સમર્પિત કરવામાં આવશે.

## NERAMACનું પુનરુત્થાન

ઉત્તર–પૂર્વીય પ્રાદેશિક કૃષિ માર્કેટિંગ કોર્પોરેશન (NERAMAC) માટે રૂ. 77.45 કરોડનું પુનરુત્થાન પેકેજ પૂરું પાડવામાં આવશે.

- NERAMAC ની સ્થાપના વર્ષ 1982માં ઉત્તર–પૂર્વ રાજ્યના ખેડૂતોને એમની કૃષિ અને બગાયતિ પેદાશોને ફાયદાકારક ભાવ મળી રહી એ માટે મદદ કરવા માટે કરવામાં આવી હતી.

## NEIA મારફત પ્રોજેક્ટ નિકાસને રૂ. 33,000 કરોડની મદદ

નેશનલ એક્સપોર્ટ ઈન્સ્યુરન્સ એકાઉન્ટ (NEIA)માં 5 વર્ષ સુધી વધારાનું ફંડ પૂરું પાડવાનું નક્કી થયું છે.

- પ્રોજેક્ટના નિકાસ માટે આ ભંડોળમાં 3300 કરોડ રૂપિયાની રકમ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે.
- NEIA ટ્રસ્ટ જોખમ ઘટાડવાના ઉદ્દેશ્ય સાથે મધ્યમ અને લાંબાગાળાના (MLT) પ્રોજેક્ટ નિકાસને પ્રોત્સાહન આપે છે.

## નિકાસ વિમા કવરને રૂ. 88,000 કરોડની મદદ

નિકાસ વિમા કવચ (ECGC)માં 5 વર્ષ માટે ઈક્વિટી ઉમેરવાનું નક્કી થયું છે. ઈન્સ્યુરન્સ કવરને રૂ. 88,000 કરોડ સુધી વેગ મળશે.

## ડિજિટલ ઈન્ડિયા

2,50,000 ગ્રામ પંચાયતોમાંથી 1,56,223 ગ્રામ પંચાયતો 31 મે 2021 સુધીમાં સેવા તૈયાર કરાઈ છે.

- વાયેબિલિટી ગેપ ફંડિંગ આધારે 16 રાજ્યો પીપીપી મોડેલમાં ભારતનેટ અમલી કરવાની દરખાસ્ત છે. આ માટે વધુ રૂ. 19041 કરોડ પૂરાં પાડવામાં આવશે.
- આ રીતે ભારતનેટ હેઠળ કુલ ખર્ચ વધારીને રૂ. 61109 કરોડ કરાયો છે.

## PLI યોજનાનું વિસ્તરણ

મોટા પાયે ઈલેકટ્રોનિક્સ ઉત્પાદન માટે PLI (Production- Linked Incentive) યોજનાનો કાર્યકાળ એક વર્ષ માટે એટલે કે 2025-26 સુધી વધારવામાં આવ્યો છે.

## સુધારા આધારિત-પરિણામ સાથે સંકળાયેલ વીજ વિતરણ યોજના

ઈન્ફ્રાસ્ટ્રકચર સર્જન, સિસ્ટમ અપગ્રેશન અને ક્ષમતા નિર્માણ અને પ્રક્રિયા માટે સુધારા આધારિત–પરિણામ સાથે સંકળાયેલ વિતરણ યોજના માટે રૂ. 3.03 લાખ કરોડની જાહેરાત કરવામાં આવી છે.

## PPP પ્રોજેક્ટ અને એસેટ મોનેટાઈઝેશન માટે નવી સુવ્યવસ્થિત પ્રક્રિયા

પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશિપ પ્રોજેક્ટ માટે દરખાસ્તોના આપ્રાઈઝલ અને મંજૂરી માટે મહત્ત્વની ઈન્ફ્રાસ્ટ્રકચર અસ્કયામતોના ઈન્ફ્રાસ્ટ્રકચર ઈન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટ માધ્યમ સહિતના મોનેટાઈઝેશ માટે એકનવી નીતિ ઘડવામાં આવશે.

- આ નીતિઓ મુખ્ય ઉદ્દેશ પ્રોજેટની ઝડપી મંજૂરી સુનિશ્ચિત કરવાનો છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## શ્રી પી. સાઈનાથને વર્ષ 2021નો ફુકુઓકા પુરસ્કાર આપવામાં આવ્યો

ભારતના વરિષ્ઠ પત્રકાર શ્રી પી. સાઈનાથને ફુકુઓકા પુરસ્કાર 2021 (FUKUOKA Prize 2021)ના ત્રણ પ્રાપ્તકર્તાઓમાંથી એક તરીકે પંસદ કરવામાં આવ્યા છે.

- શ્રી પી. સાઈનાથને ફુકુઓકા પુરસ્કારનું 'ગ્રાન્ડ પ્રાઈઝ' મળશે.
- જ્યારે આ પુરસ્કારનો શૈક્ષણિક એવોર્ડ જાપાનના પ્રો. કિશિમોતો મિયોને તથા કલા અને સાંસ્કૃતિ એવોર્ડ થાઈલેન્ડના ફિલ્મ નિર્માતા શ્રી પ્રબદા યૂનને આપવામાં આવ્યો છે.
- ગ્રામિણ ભારત પરના તેમના લખાણો અને ભાષણો દ્વારા જ્ઞાનનું નવું સ્વરૂપ બનાવવા તથા નાગરિક સહકારને પ્રોત્સાહન આપવા માટેના તેમના કાર્ય બદલ તેમનું સન્માન કરવામાં આવશે.
- શ્રી પી. સાઈનાથનું પૂરું નામ પલાગુમ્મી સાઈનાથ છે.
- તેઓ ભારતીય પત્રકાર અને '**Everybody Loves a Good Drought**' નામના પુસ્તકના લેખક છે.

### ફુકુઓકા પુરસ્કાર

તે જાપાનના ફુકુઓકા શહેર અને ફુકુઓકા સિટી ઈન્ટરનેશનલ ફાઉન્ડેશન દ્વારા સ્થાપિત એક એવોર્ડ છે.

- આ એવોર્ડ એવી વ્યક્તિઓ અને સંસ્થાઓને આપવામાં આવે છે. જેમણે એશિયન સંસ્કૃતિના જાળવણીમાં નોંધપાત્ર યોગદાન આપ્યું છે.
- આ એવોર્ડ મુખ્યત્વે ત્રણ વર્ગોમાં આપવામાં આવે છે. ગ્રાન્ડ પ્રાઈઝ, એકેડેમિક પ્રાઈઝ અને આર્ટ એન્ડ કલ્ચર પ્રાઈઝ
- અત્યાર સુધી 11 ભારતીયોને આ પુરસ્કાર મળ્યો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## TUESDAY Questions

1. ભારતમાં 'રાષ્ટ્રીય આંકડાશાસ્ત્ર દિવસ' અથવા તો 'National Statics Day' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 27 જૂન (B) 28 જૂન (C) 29 જૂન (D) 30 જૂન **(C)**

2. ભારતમાં કોનો જન્મદિન 29 જૂન 'રાષ્ટ્રીય આંકડાશાસ્ત્ર દિવસ' તરીકે ઉજવાય છે ?

(A) શ્રી પી.વી. નરસિંહરાવ (B) શ્રી પી.સી. ચંદ્ર

(C) શ્રી પી.સી. મહાલનોબિસ (D) શ્રી પી. સી. ચૌધરી **(C)**

3. તાજેતરમાં નાણામંત્રી શ્રીમતી નિર્મલા સિતારામને કોરોનાની બીજી લહેર પછી કેટલા કરોડના આર્થિક પેકેજની જાહેરાત કરી છે ?

(A) રૂ. 6,28,993 કરોડ (B) રૂ. 7,28,993 કરોડ (C) રૂ. 8,28,993 કરોડ (D) રૂ. 9,28,993 કરોડ **(A)**

4. 28 જૂનના રોજ જાહેર કરાયેલ રાહત પેકેજમાં આરોગ્ય ક્ષેત્ર માટે કેટલા હજાર કરોડની લોનની જાહેરાત કરી છે ?

(A) 20,000 કરોડ (B) 30,000 કરોડ (C) 40,000 કરોડ (D) 50,000 કરોડ **(D)**

5. 28 જૂનના રોજ જાહેર કરાયેલ રાહત પેકેજ અંતર્ગત કેટલા લાખ પર્યટકોને મફત ટુરિસ્ટ વિઝા આપવામાં આવશે ?

(A) 4 લાખ (B) 5 લાખ (C) 6 લાખ (D) 7 લાખ **(B)**

6. આત્મનિર્ભર ભારત રોજગાર યોજના 30 જૂન, 2021થી __________ સુધી લંબાવવામાં આવી છે.

(A) 31 માર્ચ, 2022 (B) 31 માર્ચ, 2023 (C) 31 માર્ચ, 2024 (D) 31 માર્ચ, 2025 **(A)**

7. 28 જૂન, 2021ના રોજ જાહેર કરાયેલ રાહત પેકેજ અનુસાર DAP ખાતર માટે ________ અને NPK આધારિત કોમ્પેક્સ ખાતર માટે રૂ. 5650 કરોડની વધારાની સબસિડી આપવામાં આવશે.

(A) રૂ. 5377 કરોડ (B) રૂ. 6721 કરોડ (C) રૂ. 9125 કરોડ (D) રૂ. 10545 કરોડ **(C)**

8. 28 જૂન, 2021ના રોજ જાહેર કરાયેલ રાહત પેકેજ અનુસાર બાળકોના આરોગ્ય માટે કેટલા કરોડના ખર્ચની જાહેરાત કરવામાં આવી છે ?

(A) રૂ. 16,320 કરોડ (B) રૂ. 23,220 કરોડ (C) રૂ. 28,220 કરોડ (D) રૂ. 29,229 કરોડ **(B)**

9. ભારતના કયા પત્રકારને જાપાનનો ફુકુઓકા પુરસ્કાર-2021 એનાયત થયો છે ?

(A) શ્રી પી. સાઈનાથ (B) શ્રી વિનોદ રોય (C) શ્રી કરણ થાપર (D) શ્રી રવિશ કુમાર **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 30 જૂન, (1) વિશ્વ સોશિયલ મીડિયા દિવસ (World Social Media Day) (2) આંતરરાષ્ટ્રીય સંસદીયતા દિવસ (International Day of Parliamentarism)

### આંતરરાષ્ટ્રીય સંસદીયતા દિવસ

સંયુક્ત રાષ્ટ્ર દ્વારા દર વર્ષે 30 જૂનના રોજ 'આંતરરાષ્ટ્રીય સંસદીયતા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- આ અંતર્ગત 30 જૂન 2021ના રોજ ચોથા 'આંતરરાષ્ટ્રીય સંસદીયતા દિવસ'ની ઉજવણી કરવામાં આવી છે.
- આ અગાઉ 30 જૂન, 2018ના રોજ સંયુક્ત રાષ્ટ્ર દ્વારા સમગ્ર વિશ્વમાં પ્રથમ 'આંતરરાષ્ટ્રીય સંસદીયતા દિવસ' (International Parlimentarism Day)ની ઉજવણી કરવામાં આવી હતી.
- વર્તમાન સમયે વિશ્વના આશરે 193 દેશોમાં સંસદીય વ્યવસ્થા અસ્તિત્વમાં છે.
- લોકશાહી માટે સંસદીય વ્યવસ્થા ખૂબ જ અગત્યની છે.
- આથી, સંસદીય વ્યવસ્થાનું મહત્વ અથવા તો અગત્યતા સમજાવવા માટે સંયુક્ત રાષ્ટ્ર દ્વારા 30 જૂનના રોજ આ દિવસની ઉજવણી કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

### 30 જૂનની પસંદગી શા માટે

30 જૂન, 1889ના રોજ આંતરરાષ્ટ્રીય સ્તરે સંસદીય કાર્યપ્રણાલી માટે 'ઈન્ટર પાર્લિયામેન્ટરી યુનિયન'ની સ્થાપના કરવામાં આવી હતી.

- આથી 'આંતરરાષ્ટ્રીય સંસદીયતા દિવસ'ની ઉજવણી માટે 30 જૂનની પંસદગી કરવામાં આવી છે.

## ભારતે મોડર્ના વેક્સિનના ઈમરજન્સી ઉપયોગ માટે મંજૂરી આપી

તાજેતરમાં DCGIએ મુંબઈ સ્થિત ફાર્માસ્યુટિકલ કંપની સિપ્લા (Cipla)ને મોડર્નાની COVID-19 રસીને ભારતમાં મર્યાદિત ઈમરજન્સી ઉપયોગ માટે આયાત કરવાની મંજૂરી આપી છે.

- મોડર્ના રસી એ કોવેક્સિન, કોવિશિલ્ડ અને સ્પુતનિક પછી ભારતમાં ચોથી COVID-19 રસી (વેક્સિન) હશે.
- 'મોડર્ના કોવિડ-19 રસીએ અમેરિકાની મોડર્ના ફાર્માસ્યુટિકલ દ્વારા નિર્મિત રસી છે.
- મોડર્નાની રસી બનાવવની પધ્ધતિ 'મેસેંજર આર.એન.એ' (mRNA) પર આધારિત છે.
- mRNA એ કોષોને કોરોના વાયરસ સામે પ્રતિરક્ષા ઉત્પન્ન કરવામાં મદદ કરે છે.
- આ રસીની અસરકારકતા 90% કરતા વધારે છે.
- જોકે, મોડર્નાએ પ્રથમ 100 લાભાર્થીઓની સુરક્ષાનું એસેસમેન્ટ કરી 7 દિવસમાં રિપોર્ટ રજૂ કરવાનો રહેશે.
- ફાઈઝર રસીની સાથે આ રસી સમૃધ્ધ દેશોમાં પણ પંસદ કરવામાં આવે છે.

નોંધ : (1) DCGIનું પૂરું નામ 'Drugs Controller General of India' છે.

(2) કોવિશિલ્ડ રસી સ્થાનિક રીતે સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા દ્વારા બનાવવામાં આવી રહી છે.

(3) કોવેક્સિન રસીનું નિર્માણ ભારત બાયોટેક કંપની દ્વારા કરવામાં આવી રહ્યું છે.

(4) સ્પુતનિક રસી રશિયાની ગમાલિયા સંસ્થા દ્વારા બનાવવામાં આવી છે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## ઝેન ગાર્ડન અને કાઈઝેન એકેડમી

તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના 'અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન' (AMA) ખાતે જાપાની 'ઝેન ગાર્ડન–કાઈઝેન એકેડમી'નું ઉદ્દઘાટન કર્યુ છે.

- તે AMA અને જાપાન ઈન્ફર્મેશન સ્ટડીઝ સેન્ટર અને ભારત–જાપાન મંત્રીસંઘ તથા ગુજરાતનો એક સંયુક્ત પ્રયાસ છે.
- તેમા પંરપરાગત જાપાની તત્વો જેવા કે રેડ બ્રિજ ગુઝાઈ, શોજી ઈન્ટિરિયર, ગ્લોરી ઓફટોરી, ફ્યુઝન ચબુતરો, ત્સુકુબાઈ બેસીન વગેરેનો સમાવેશ થાય છે.
- તે ભારતમાં જાપાની વર્ક કલ્ચરને પ્રોત્સાહન આપશે તથા જાપાન અને ભારત વચ્ચેના વેપાર સંબંધોને મજબૂત બનાવશે.
- કાઈઝેનનો અર્થ 'સારા માટે પરિવર્તન' અથવા 'સતત સુધારણા' થાય છે. જે તમામ કર્મચારીઓને સમાવિષ્ટ કરતી વખતે કામના વાતાવરણને વધુ કાર્યક્ષમ બનાવીને ઉત્પાદકતામાં ધીમે ધીમે સુધારણા પર ધ્યાન કેન્દ્રીત કરે છે.
- ઝેન એ મહાયાન બૌધ્ધ ધર્મની એક જાપાની શાળા છે. જે ધાર્મિક ઉપાસના અથવા શાસ્ત્રોના અધ્યયન કરતા ધ્યાન અને અંતર્જ્ઞાનના મુલ્યો પર ભાર મુકે છે.
- જાપાની ઝેનનો અર્થ ભારતમાં 'ધ્યાન' સમાન છે.

## Global Cybersecurity Index - 2020




વૈશ્વિક સાઈબર સુરક્ષા સૂચકાંક (Global Cybersecurity Index)માં ભારતને 10મા સ્થાન પર રાખવામાં આવ્યું છે.

- દેશોની વૈશ્વિક સાયબર સિક્યુરિટી રેન્કિંગમાં ભારત, ચીન અને પાકિસ્તાન કરતા આગળ છે.
- સંયુક્ત રાષ્ટ્રના ITU Global Cybersecurity Agenda (GCA)માં ભારતે તેની રેન્કિંગ 47 થી 10 સુધી સુધારી છે.
- આ ઈન્ડેક્સમાં અમેરિકા પ્રથમ ક્રમાંકે છે.
- ત્યારબાદ યુ.કે અને સાઉદી અરેબિયા બીજા ક્રમે છે.
- આ ઈન્ડેક્સમાં ભારત 100 માંથી 97.5ના સ્કોર સાથે 10માં ક્રમે છે.

### Global Cybersecurity Index (GCI)

ગ્લોબલ સાઈબર સિક્યુરિટી ઈન્ડેક્સ એ વિશ્વના દેશોની સાઈબર સુરક્ષા ક્ષમતાઓને ક્રમ આપવા માટે આંતરરાષ્ટ્રીય ટેલિકમ્યુનિકેશન યુનિયન (ITU)નો પ્રોજેક્ટ છે.

- વૈશ્વિક સ્તરે સાઈબર સુરક્ષા પ્રત્યે રાષ્ટ્રોની પ્રતિબધ્ધતાને માપવા તે એક વિશ્વસનીય સંદર્ભ છે.
- સાઈબર સિક્યુરિટીના ક્ષેત્રમાં દેશના વિકાસ કે જોડાણના સ્તરનું મૂલ્યાંકન પાંચ સ્તંભોમાં કરવામાં આવે છે જે નીચે મુજબ છે.

  (1) કાનૂની પગલાં, (2) તકનીકી પગલાં, (3) સંગઠનાત્મક પગલના, (4) ક્ષમતા વિકાસ અને (5) સહયોગ
- આ મૂલ્યાંકન બાદ સમગ્ર સ્કોરને એકત્રિત કરવામાં આવે છે.


  નોંધ : આંતરરાષ્ટ્રીય ટેલિકમ્યુનિકેશન યુનિયન (ITU)ની સ્થાપના વર્ષ 1865માં કરવામાં આવી હતી. જે વર્ષ 1947 થી સંયુક્ત રાષ્ટ્રનું અભિન્ન અંગ છે.

JOIN WHATSAPP GROUP joinicerajkot.com

## Global Cybersecurity Index-2020

| ક્રમ | દેશ | સ્કોર |
|---|---|---|
| 1 | અમેરિકા | 100 |
| 2 | યુનાઈટેડ કિંગ્ડમ | 99.54 |
| | સાઉદી અરેબિયા | 99.54 |
| 3 | એસ્ટોનિયા | 99.48 |
| 10 | ભારત | 97.5 |
| 33 | ચીન | 92.53 |
| 53 | બાંગ્લાદેશ | 81.27 |
| 79 | પાકિસ્તાન | 64.88 |

INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. 'વિશ્વ સોશિયલ મીડિયા દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 28 જૂન (B) 29 જૂન (C) 30 જૂન (D) 1 જૂલાઈ (C)

2. 'આંતરરાષ્ટ્રીય સંસદીયતા દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 28 જૂન (B) 29 જૂન (C) 30 જૂન (D) 1 જૂલાઈ (C)

3. સૌપ્રથમ કયા વર્ષે 'આંતરરાષ્ટ્રીય સંસદીયતા દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી ?

(A) 2018 (B) 2017 (C) 2016 (D) 2015 (A)

4. ભારતે મોડર્ના કોવિડ-19 વેક્સિનની ઈમરજન્સી ઉપયોગ માટે મંજૂરી આપી છે. તે કયા દેશની રસી છે ?

(A) રશિયા (B) જાપાન (C) બ્રિટન (D) અમેરિકા (D)

5. મોડર્ના કોવિડ-19 રસી સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

(A) મુંબઈ સ્થિત સિપ્લા કંપનીને મોડર્ના રસીની અમેરિકાથી આયાત કરી વિતરીત કરવાની મંજૂરી મળી છે.

(B) મોડર્નાની રસી બનાવવાની પધ્ધતિ 'મેસંજર આર.એન.એ. (mRNA) પર આધારિત છે.

(C) આ રસીની અસરકારકતા 90% કરતા વધારે છે.

(D) ઉપરોક્ત તમામ (D)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

6. તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'ઝેન ગાર્ડન અને કાઈઝેન એકેડમી'નું ઉદ્‌ઘાટન કર્યુ છે. તે કયા સ્થળે સ્થિત છે ?

(A) અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન (AMA) (B) વડોદરા મેનેજમેન્ટ એસોસિએશન (VAM)

(C) ઈન્દોર મેનેજમેન્ટ એસોસિએશન (IMA) (D) પુણે મેનેજમેન્ટ એસોસિએશન (PMA) (A)

7. Global Cybersecurity Index-2020 માં ભારત કેટલામાં ક્રમે રહ્યું છે. ?

(A) 5 મા (B) 7 મા (C) 9 મા (D) 10 મા (D)

## દિવસ મહિમા : 01 જુલાઈ, (1) રાષ્ટ્રીય ડોક્ટર દિવસ (National Doctor's Day) (2) GST DAY

### રાષ્ટ્રીય ડોક્ટર દિવસ

સમગ્ર ભારતમાં 1 જુલાઈના રોજ 'રાષ્ટ્રીય ડોક્ટર દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- પશ્ચિમ બંગાળના બીજા મુખ્યમંત્રી શ્રી ડો. બિધાન ચંદ્ર રોયની યાદમાં તેમનો જન્મદિન 1 જુલાઈ 'રાષ્ટ્રીય ડોક્ટર દિવસ' તરીકે ઉજવાય છે.
- ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ **1991** થી આ દિવસની ઉજવણીનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

### ડો. બિધાન ચંદ્ર રોય

ડો. બિધાન ચંદ્ર રોય પશ્ચિમ બંગાળના બીજા મુખ્યમંત્રી હતા.

- 1 જુલાઈ, 1882ના રોજ બિહારના પટના ખાતે તેમનો જન્મ થયો હતો.
- તેઓ ખૂબ જ જાણીતા ફીઝીશિયન અને શિક્ષણવિદ્ હતા.
- ઈન્ડિયા મેડિકલ એસોસિયેશન (IMA) અને મેડિકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા (MCI)ની સ્થાપનામાં તેમની મહત્ત્વની ભૂમિકા હતી.
- તેમણે ઈન્ડિયન નેશનલ કોંગ્રેસનું નેતાપદ પણ શોભાવ્યું હતું.
- તેમના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળ દરમિયાન પશ્ચિમ બંગાળમાં પાંચ નવા શહેરોની સ્થાપના થઈ હતી.
- તેમને વર્ષ 1961માં ભારતના સર્વોચ્ચ નાગરિક સન્માન 'ભારત રત્ન' થી સન્માનિત કરવામાં આવ્યા હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## શ્રી અભિમન્યુ મિશ્રા 'ચેસ ઈતિહાસ'માં સૌથી યુવા ગ્રાન્ડમાસ્ટર બન્યા



ભારતીય મૂળના 12 વર્ષીય શ્રી અભિમન્યુ મિશ્રા તાજેતરમાં ચેસના સૌથી યુવા ગ્રાન્ડમાસ્ટર બન્યા છે.

- તેમણે વર્ષ 2002ના ગ્રાન્ડમાસ્ટર શ્રી સર્ગેઈ કારઝાકિન દ્વારા બનાવવામાં આવેલ 12 વર્ષ 7 મહિનાનો રેકોર્ડ તોડ્યો છે.
- શ્રી અભિમન્યુ મિશ્રાએ 12 વર્ષ 4 મહિના અને 25 દિવસની ઉંમરે આ સિધ્ધિ મેળવી છે.
- તેમણે આ ખિતાબ 15 વર્ષિય ભારતીય ગ્રાન્ડમાસ્ટર શ્રી લિયોન લ્યુક મેન્ડોન્કાને હરાવીને જીત્યો છે.
- શ્રી અભિમન્યુ મિશ્રાનો જન્મ 5 ફેબ્રુઆરી 2009ના રોજ અમેરિકાના ન્યુ જર્સીમાં થયો હતો.
- તે ચેસ ઈતિહાસમાં સૌથી નાના ગ્રાન્ડમાસ્ટર છે.
- આ અગાઉ જ્યારે તેઓ 10 વર્ષના હતા ત્યારે સૌથી યુવા આંતરરાષ્ટ્રીય માસ્ટર બનવાનો રેકોર્ડ બનાવ્યો હતો.
- આ ઉપરાંત 9 વર્ષની ઉંમરે અમેરિકાના સૌથી યુવા રાષ્ટ્રીય માસ્ટર પણ બન્યા હતા.

## 'સંઘ' અથવા 'કેન્દ્ર સરકાર' શબ્દ

તાજેતરમાં તમિલનાડુ સરકારે તેના સત્તાવાર પત્રવ્યવહાર અથવા સંદેશાવ્યવહારમાં 'કેન્દ્ર સરકાર' (Central Government) શબ્દના ઉપયોગને બંધ કરી અને તેની જગ્યાએ 'સંઘ સરકાર' (Union Government) શબ્દનો ઉપયોગ કરવાનો નિર્ણય કર્યો છે.

- સામાન્ય રીતે ભારતમાં 'સંઘ સરકાર' અથવા 'કેન્દ્ર સરકાર' શબ્દનો ઉપયોગ કરવામાં આવે છે.
- જો કે, બંધારણ સભાના મૂળ બંધારણના 22 ભાગોમાં 395 અનુચ્છેદો અને આઠ અનુસૂચિઓ વાંચ્યા પછી કહી શકાય કે 'કેન્દ્ર' અથવા 'કેન્દ્ર સરકાર' શબ્દ ક્યાંય વપરાયેલ નથી.

### બંધારણ સભાનો પક્ષ

ભારતીય બંધારણના અનુચ્છેદ 1(1)માં કહેવામાં આવ્યું છે કે 'ઈન્ડિયા અર્થાત્ ભારત એ રાજ્યનો બનેલો સંઘ (Union) રહેશે' (India That is 'Bharat, shall be a Union of States')

- 13 ડિસેમ્બર, 1946ના રોજ શ્રી જવાહરલાલ નહેરૂએ એક ઠરાવ દ્વારા બંધારણ સભાના લક્ષ્યો અને ઉદ્દેશો રજૂ કર્યા હતા કે ભારત 'સ્વતંત્ર સાર્વભૌમ પ્રજાસત્તાક'માં જોડાવા ઈચ્છતા પ્રદેશોનું સંઘ હશે.
- અનુચ્છેદ 1(1) અંતર્ગત વપરાયેલ શબ્દ 'સંઘ'નું પણ પોતાનું મહતવ છે. બંધારણ સભા સમક્ષ એક પ્રશ્ન અતિ મહત્વપૂર્ણ હતો કે ભારતની શાસન વ્યવસ્થાને એકતંત્રી સ્વરૂપ આપવું કે સમવાયતંત્રી ? બંધારણ સભા દ્વારા શરૂઆતમાં ભારતના રાજ્યોને વધુ સવાયત્તા આપવાની ઈચ્છા દર્શાવી હતી. પરંતુ ભારત અને પાકિસ્તાનના વિભાજન પછી બંધારણીય સભાએ પોતાનો વિચાર બદલ્યો હતો.
- ભારતીય બંધારણના પિતા શ્રી ડો.બી.આર. આંબેડકર દ્વારા 'સંઘ' શબ્દનો ઉપયોગ સંદર્ભે નીચેની બાબતો સ્પષ્ટ કરવામાં આવી હતી :

  (1) ભારત એ વિભિન્ન રાજ્યો વચ્ચેના કરારનું પરિણામ નથી.

  (2) ભારતના કોઈપણ રાજ્યને ભારત સંઘથી અલગ થવાનો અધિકાર નથી.
- બંધારણ સભાના સભ્યો બંધારણમાં 'કેન્દ્ર' અથવા 'કેન્દ્ર સરકાર' શબ્દનો ઉપયોગ ન કરવા માટે ખૂબ કાળજી રાખતા હતા. કારણકે તેઓનું લક્ષ્ય એકમમાં સત્તાના કેન્દ્રિયકરણની પ્રવૃતિને દુર રાખવાનો હતો.

### સંઘ અને કેન્દ્રનો અર્થ

બંધારણના નિષ્ણાત શ્રી શુભાષ સી. કશ્યપના જણાવ્યા અનુસાર 'કેન્દ્ર' વર્તુળની મધ્યમાં એક બિંદુ સૂચવે છે જ્યારે 'સંઘ'એ સંપૂર્ણ વર્તુળ છે.

- સંઘ અને રાજ્યો બંને બંધારણ દ્વારા બનાવવામાં આવેલા એકમો છે અને બંધારણ દ્વારા બંનેના પોતાના અધિકાર છે.
- સામન્ય શબ્દોમાં 'સંઘ' (યુનિયન) સંઘીય ભાવના સુચવે છે. જ્યારે 'કેન્દ્ર' એકાત્મક સરકારની ભાવના સૂચવે છે.
- પરંતુ વ્યવહારીક રીતે બંને શબ્દો ભારતીય રાજકીય વ્યવસ્થામાં સમાન છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## કાલબેલિયા નૃત્ય

તાજેતરમાં કોવિડ-19 મહામારીના કારણે કાલબેલિયા નૃત્ય (Kalbeliya Dance) કરનાર વિદ્યાર્થીઓ વચ્ચે 'ચેન્ડાવીયા' (Chendavia) નામની એપ્લિકેશન લોકપ્રિયતા મેળવી રહી છે.

- કાલબેલિયા નૃત્ય એ કાલબેલિયા સમુદાયની પરંપરાગત જીવનશૈલીની અભિવ્યક્તિ છે.
- આ નામ રાજસ્થાનની જનજાતી સાથે સંબંધીત છે.
- વર્ષ 2012માં તેમને UNESCO ની 'અમૂર્ત સાંસ્કૃતિક હેરિટેજ'ની સૂચિમાં સમાવેશ કરવામાં આવ્યો હતો.
- આ નૃત્ય કોઈપણ આનંદકારક પ્રસંગે કરવામાં આવે છે. અને તેને કાઈબેલિયા સંસ્કૃતિનો અભિન્ન ભાગ માનવામાં આવે છે.
- કાલબેલિયા નૃત્ય ફક્ત મહિલાઓ દ્વારા જ રજૂ કરવામાં આવે છે. જ્યારે પુરુષ વાદ્ય યંત્ર વગાડે છે અને સંગીત પ્રદાન કરે છે.
- કાળા કલરના પહેરવેશમાં મહિલાઓ સાપની નકલ કરતી ગોળ ગતિમાં નૃત્ય કરે છે.
- કાલબેલિયા જનજાતિના લોકો એક સમયે વ્યવસાયિક રીતે સાપ પકડવાનું કાર્ય કરતા હતા.
- જ્યારે આજે સંગીત અને નૃત્યામાં તેમનો ભૂતપુર્વ વ્યવસાય જાળવી રાખ્યો છે.
- કાલબેલિયાની સૌથી મોટી વસતી રાજસ્થાનના પાલી જિલ્લામાં જોવા મળે છે ત્યારબાદ અજમેર, ચિતોડગઢ અને ઉદયપુર જિલ્લામાં છે.
- ગૈર, કચ્છી ઘોડી, ઘૂમર વગેરે રાજસ્થાનના પરંપરાગત નૃત્ય છે.

### યુનેસ્કો દ્વારા માન્ય 13 અમૂર્ત સાંસ્કૃતિક હેરિટેજ

| ક્રમ | અમૂર્ત સાંસ્કૃતિક હેરિટેજ | કયા વર્ષે માન્યતા |
|---|---|---|
| 1 | વૈદીક જાપની પરંપરા | 2008 |
| 2 | રામલીલા, રામાયણનું પરંપરાગત પ્રદર્શન | 2008 |
| 3 | કુટિયાટ્ટમ, સંસ્કૃત થિયેટર | 2008 |
| 4 | રમ્માણ, ગઢવાલ હિમાલયની ધાર્મિક ઉત્સવ અને પરંપરા | 2009 |
| 5 | મુદિયેટ્ટુ, અનુષ્ઠાન થિયેટર અને કેરળનું નૃત્ય નાટક | 2010 |
| 6 | કાલબેલિયા રાજસ્થાનનું લોકગીત અને નૃત્ય | 2010 |
| 7 | છઉ નૃત્ય | 2010 |
| 8 | લદ્દાખનું બૌધ્ધ જાપ, હિમાલયનું લદ્દાખ ક્ષેત્ર, જમ્મુ અને કાશ્મીર, ભારતમાં પવિત્ર બૌધ્ધ ગ્રંથોનો પાઠ | 2012 |
| 9 | મણિપુરનું સંકિર્તન, ગાયન, ઢોલ વગાડવા અને નૃત્ય કરવું | 2013 |
| 10 | જાંડિયાલા ગુરુની પંજાબમાં પરંપરાગત રીતે પિતળ અને તાંબાના વાસણો બનાવવાની કળા | 2014 |
| 11 | યોગ | 2016 |
| 12 | નવરોજ | 2016 |
| 13 | કુંભ મેળો | 2017 |

INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. ભારતમાં 'રાષ્ટ્રીય ડોક્ટર દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 1 જૂન (B) 2 જૂન (C) 3 જૂન (D) 1 જુલાઈ **(D)**

2. ભારતમાં કોનો જન્મ દિવસ 1 જુલાઈ 'રાષ્ટ્રીય ડોક્ટર દિવસ' તરીકે ઉજવાય છે ?

(A) ડો. વિદ્યાસાગર રોય (B) ડો. વિશ્વંભર રોય (C) ડો. બિધાનચંદ્ર રોય (D) ડો. વિદ્યાચંદ્ર રોય **(C)**

3. તાજેતરમાં કઈ ખેલાડી ચેસ ઈતિહાસમાં સૌથી યુવા ગ્રાન્ડમાસ્ટર બન્યા ?

(A) શ્રી અભિમન્યુ મિશ્રા (B) શ્રી લિયોન લ્યુક (C) શ્રી અભિમન્યુ રાવત (D) શ્રી મનોજ મિશ્રા **(A)**

4. ચેસના સૌથી યુવા ગ્રાન્ડમાસ્ટર અને ભારતીય મૂળના અભિમન્યુ મિશ્રા વર્તમાન કયા દેશના રહેવાસી છે ?

(A) કેનેડા (B) ઓસ્ટ્રેલિયા (C) જાપાન (D) અમેરિકા **(D)**

5. તાજેતરમાં કઈ રાજ્યની સરકારે તેના સત્તાવાર પત્રવ્યવહાર અથવા સંદેશાવ્યવહારમાં 'કેન્દ્ર સરકાર' શબ્દને બદલે 'સંઘ સરકાર' શબ્દનો ઉપયોગ કરવાનો નિર્ણય કર્યો છે ?

(A) તમિલનાડુ (B) આંધ્રપ્રદેશ (C) કેરળ (D) પ.બંગાળ **(A)**

6. કાલબેલિયા નૃત્ય કયા રાજ્ય સાથે સંકળાયેલ છે ?

(A) તમિલનાડુ (B) રાજસ્થાન (C) આસામ (D) મેઘાલય **(B)**


ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## હીટ ડોમ (Heat Dome)

તાજેતરમાં કેનેડા અને ઉત્તર પશ્ચિમ પેસિફિકના કેટલાક ભાગોમાં 47 થી 49 ડિગ્રીની આસપાસ તાપમાન નોંધાયું હતું. જેનાથી ઐતિહાસિક ગરમીની લહેર ઉત્પન થઈ હતી.

- આ ઘટના 'હીટ ડોમ' (Heat Dome) નું પરિણામ છે.
- કેનેડાના બ્રિટિશ કોલમ્બિયામાં ગરમીનો પારો 49.5 ડિગ્રીને પાર કરી ગયો હતો. આ દરમિયાન કેનેડામાં 230 કરતા વધુ લોકોના મૃત્યુ થયા હતા.

### હીટ ડોમ વિશે




આ ઘટના ત્યારે શરૂ થાય છે જ્યારે સમુદ્રના તાપમાનમાં તીવ્ર પરિવર્તન (ચઢાવ અથવા ઉતાર) થાય છે.

- સંવહનને લીધે સમુદ્રની સપાટી પરની ગરમ હવા ઉપર ચઢે છે.
- જેમ–જેમ પ્રવર્તમાન પવન, ગરમ પવનને પૂર્વ તરફની લઈ જાય છે. તેમ તેમ જેટ સ્ટ્રીમની ઉત્તર તરફની હવાને જમીન તરફ ફેરવે છે જ્યાં તે સમાપ્ત થઈ જાય છે અને પરિણામે ગરમ લહેરો બને છે.
- પશ્ચિમથી પૂર્વ તરફ સમુદ્રના તાપમાનમાં આ ઝડપી પરિવર્તન એ 'હીટ ડોમ'નું કારણ છે.
- પશ્ચિમ પેસિફિક મહાસાગરનું તાપમાન પાછલા કેટલાક દાયકાઓમાં વધ્યું છે. અને તે પૂર્વી પ્રશાંત મહાસાગરના તાપમાન કરતા પ્રમાણમાં વધારે છે.
- ટૂંકમાં કહી શકાય તો ગરમ પવનોનો પ્રવાહ ઊંચે ચઢ્યા પછી આસપાસ પ્રસરવાને બદલે લહેરિયા લેતો ઉપર–નીચે થવા લાગે અને ઉપરના ભાગે પણ ભયાનક ગરમ પવનો લહેરિયા લેતા રહે પણ ફેલાય નહીં. આથી હીટ ડોમ રચાય છે.
- હીટ ડોમ વાદળોને બનતા અટકાવે છે, જેનાથી સૂર્યના વધુ કિરણોત્સર્ગ પૃથ્વી પર પહોંચે છે.
- હીટ ડોમમાં ખૂબ ઊંચા દબાણથી હવા ઉપર જવાને બદલે સતત નીચે બેસતી રહે છે. આથી નીચેના વિસ્તારની હવા પર વધુ દબાણ આવતા સતત વધુ ગરમી સર્જાય છે અને આ ગરમી સતત વધી જાય છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

### Heat Waves

હીટ વેવ અસામાન્ય રીતે ઉચ્ચ તાપમાનની એ સ્થિતિ છે. જ્યાં તાપમાન સામાન્ય કરતા વધારે રહે છે. તે બે દિવસથી વધુ સમય સુધી ચાલે છે.

- હીટ વેવ અથવા ગરમીનું મોજું માર્ચથી જૂન વચ્ચે રહે છે, પરંતુ કેટલીક વાર જુલાઈ સુધી લંબાય છે.
- હીટ વેવની તીવ્ર ગરમી મોટી સંખ્યામાં લોકોને અસર કરે છે.

### હીટ ડોમની અસરો

- એર કન્ડિશનર વિના રહેતા લોકો તેમના ઘરોનું તાપમાન અસહ્ય રીતે વધતા જુએ છે, જે અચાનક મૃત્યુંનું કારણ બની શકે છે.
- ગરમી પાકને પણ નુકસાન પહોંચાડે છે, વનસ્પતિ સુકાઈ શકે છે અને દુષ્કાળનું પરિણામ પણ લાવી શકે છે.

- તીવ્ર ગરમીની લહેર ખાસ કરીને વીજળીની માંગમાં પણ વધારો કરશે અને તેના ખર્ચ દરમાં પણ વધારો કરશે.
- 'હીટ ડોમ' જંગલની આગના બળતણ તરીકે પણ કામ કરે છે, જે દર વર્ષે અમેરિકામાં મોટા ભાગના જમીન ક્ષેત્રનો નાશ કરે છે.

નોંધ : (1) જેટ સ્ટ્રીમ પૃથ્વી સપાટીથી આશરે 10 થી 12 કિ.મી વચ્ચેના ગાળામાં અતિ ઝડપી પવનો છે.

(2) મધ્યભાગમાં તેની ઝડપ ખૂબજ વધારે હોય છે. આ પવન પૃથ્વી ઉપર એક આવરણનું કાર્ય કરે છે જે નિમ્ન દબાણના મૌસમને પ્રભાવિત કરે છે.

(3) નિષ્ણાતોના જણાવ્યા અનુસાર 1000 વર્ષે એકાદ વખત બનનારી આ ઘટના અત્યારે કેનેડામાં હાહાકાર મચાવી રહી છે.

## કુવેમ્પુ રાષ્ટ્રીય પુરસ્કાર - 2020

તાજેતરમાં ઉડિયા કવિ શ્રી ડો. રાજેન્દ્ર કિશોર પાંડા (Dr Rajendra Kishor Panda)ને 'કુવેમ્પુ પુરસ્કાર-2020' એનાયત કરાયો છે.

- વર્ષ 1944માં જન્મેલા ડો. રાજેન્દ્ર કિશોર પાંડા ઓડિશાના પ્રખ્યાત કવિ અને નવલકથાકાર છે.
- અત્યાર સુધીમાં તેમણે કુલ 16 કાવ્યસંગ્રહો અને એક નવલકથા પ્રકાશિત કરી છે.
- આધુનિક ઉડિયા કવિતાને ઉંચાઈ સુધી પહોંચાડવામાં તેમનો મહત્વપૂર્ણ ફાળો છે.
- વર્ષ 2010 માં તેમને 'ગંગાધર નેશનલ એવોર્ડ' અને વર્ષ 1985માં 'સાહિત્ય અકાદમી એવોર્ડ' એનાયત કરાયો હતો.

### કુવેમ્પુ રાષ્ટ્રીય પુરસ્કાર

20મી સદીના કવિ શ્રી 'કુવેમ્પુ'ની યાદમાં સ્થાપિત રાષ્ટ્રીય એવોર્ડ છે.

- ભારતીય બંધારણ દ્વારા માન્યતાવાળી કોઈપણ ભાષાના સાહિત્યમાં નોંધપાત્ર યોગદાન આપનાર લેખકને આ એવોર્ડ વાર્ષિક ધોરણે આપવામાં આવે છે.
- આ એવોર્ડ અંતર્ગત વિજેતાઓને 5 લાખ રૂપિયાનું ઈનામ, સિલ્વર મેડલ અને પ્રશસ્તિપત્ર આપવામાં આવે છે.
- આ એવોર્ડ સામાન્ય રીતે 29 ડિસેમ્બરના રોજ આપવામાં આવે છે. પરંતુ કોવિડ-19 મહામારીના કારણે વિલંબ થયો હતો.

### કવિ કુવેમ્પુ

શ્રી કુપ્પલી વેંકટપ્પા પુટ્ટપ્પા જે તેમના ઉપનામ 'કુવેમ્પુ' દ્વારા વધુ જાણીતા છે.

- તે ભારતીય કવિ, નાટ્યકાર, નવલકથાકાર અને વિવેચક હતા.
- તેઓ મુખ્યત્વે 20 મી સદીના મહાન કન્નડ કવિઓમાંના એક છે.
- તેઓ કન્નડ ભાષાના પ્રથમ એવા લેખક છે જેમણે પોતાના સંસ્કરણ 'શ્રી રામાયણ દર્શનમ' માટે જ્ઞાનપીઠ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

નોંધ: (1) જ્ઞાનપીઠ એવોર્ડ એ સાહિત્યના ક્ષેત્રનો દેશનો સર્વોચ્ચ એવોર્ડ છે. તથા વર્ષમાં કોઈ એક ભાષાના સાહિત્યકારને સાહિત્ય સર્જન ક્ષેત્રે ઉત્કૃષ્ટ પ્રદાન કરવા બદલ આપવામાં આવે છે.

(2) સાહિત્ય અકાદમી એવોર્ડ પ્રતિવર્ષ ભારતની પ્રત્યેક માન્ય ભાષાઓના સાહિતયમાંથી એક એક કૃતિને આ પારિતોષિકથી સન્માનિત કરવામાં આવે છે.

(3) ગંગાધર રાષ્ટ્રીય એવોર્ડ સંબલપુર યુનિવર્સિટી દ્વારા મુખ્યત્વે કવિતા માટે સાહિત્ય ક્ષેત્રે આપવામાં આવતો સાહિત્યક એવોર્ડ છે.

## જમ્મુ-કાશ્મીરમાં 149 વર્ષ જૂની 'દરબાર મૂવ' પ્રથા બંધ કરવામાં આવી



જમ્મુ–કાશ્મીરની બે રાજધાનીઓ શ્રીનગર અને જમ્મુ વચ્ચે દર છ મહિને થતી 'દરબાર મૂવ'ની 149 વર્ષ જૂની પ્રથાને બંધ કરવામાં આવી છે.

- જમ્મુ–કાશ્મીર સરકારે 29 જૂનના રોજ કર્મચારીઓને ફાળવવામાં રહેઠાણ ફાળવણી પણ બંધ કરી દીધી હતી. અને જેઓને રહેઠાણો ફાળવી દેવામાં આવ્યા હતા તેવા અધિકારીઓને ત્રણ અઠવાડિયાની અંદર સરકારી રહેઠાણો ખાલી કરી દેવાનો આદેશ આપવામાં આવ્યો છે.
- આ ઉપરાંત 20 જૂનના રોજ જમ્મુ કાશ્મીરના ઉપરાજ્યપલ શ્રી મનોજ સિન્હાએ જણાવ્યું હતું કે તંત્ર દ્વારા ઈ–ઓફિસનું કામ પુરૂ કરી લેવામાં આવ્યું છે. આથી હવે સરકારી ઓફિસોની વર્ષમાં બે વખત થતી 'દરબાર મૂવ' પ્રથાને ચાલુ રાખવાની કોઈ જરૂરત રહેતી નથી.




### દરબાર મૂવ

જમ્મુ–કાશ્મીરમાં રાજધાની સ્થળાંતર અથવા 'દરબાર મૂવ'ની પ્રક્રિયા લગભગ 149 વર્ષ જૂની છે.

- જેની સ્થાપના વર્ષ 1872માં ડોગરા શાસક શ્રી મહારાજા રણબીરસિંહ (1856 થી 1885 સુધી) દ્વારા વધુ સારી વહીવટી પ્રણાલીની સ્થાપના ઉદ્દેશયથી શરૂ કરવામાં આવી હતી.
- મહારાજા રણબીરસિંહે શરૂ કરેલી આ પ્રથા મુજબ મહારાજાનો દરબાર 6 મહિના માટે જમ્મુ અને 6 મહિના માટે શ્રીનગરમાં રાખવામાં આવતો હતો.
- ડોગરા શાસકોએ વર્ષ 1947 સુધી આ પ્રથા ચાલુ રાખી હતી. તથા વર્ષ 1947 પછી 'દરબાર'ના સ્થાને રાજધાની સ્થળાંતરની પ્રથા શરૂ કરી હતી.
- વર્ષમાં બે વખત 'દરબાર મૂવ' કરવાની પ્રક્રિયામાં આશરે 600 કરોડનો ખર્ચ થતો હતો.

## FRIDAY Questions

1. તાજેતરમાં 'હીટ ડોમ'ની ઘટના કયા દેશમાં જોવા મળી હતી ?

(A) જાપાન (B) કેનેડા (C) ન્યૂઝીલેન્ડ (D) રશિયા — (B)

2. હીટ ડોમ સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. આ ઘટના ત્યારે શરૂ થાય છે જ્યારે સમુદ્રના તાપમાનમાં તીવ્ર પરિવર્તન (ચઢાવ અથવા ઉતાર) થાય છે.

2. ગરમ પવનોનો પ્રવાહ ઊંચે ચઢયા પછી આસપાસ પ્રસરવાને બદલે તરંગોમાં ઉપર–નીચે થવા લાગે અને ઉપરના ભાગે ભયાનક ગરમ પવનો લહેરિયા લેતા રહે પણ ફેલાય નહીં આથી હીટ ડોમ રચાય છે.

3. હીટ ડોમ વાદળોને બનતા અટકાવે છે, જેનાથી સૂર્યના વધુ કિરણોત્સર્ગ પૃથ્વી પર પહોંચે છે.

4. હીટ ડોમમાં ખૂબ ઊંચા દબાણથી હવા ઉપર જવાને બદલે સતત નીચે બેસતી રહે છે. આથી નીચેના વિસ્તારની હવા પર વધુ દબાણ આવતા સતત વધુ ગરમી સર્જાય છે.

યોગ્ય વિકલ્પ પંસદ કરો.

(A) ફક્ત 1, 3 અને 4 (B) ફક્ત 2 અને 4 (C) ફક્ત 1, 2 અને 3 (D) 1, 2, 3 અને 4 — (D)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

3. વર્ષ 2020નો 'કુવેમ્પુ પુરસ્કાર' કોને એનાયત થયો છે ?

(A) શ્રી ડો. રાજેન્દ્ર કિશોર પાંડા (B) શ્રી બિષ્ણુ ડે

(C) શ્રી ગોપિનાથ મોહંતી (D) શ્રી ડી.આર. બાન્દ્ર — (A)

4. શ્રી રાજેન્દ્ર કિશોર પાંડા કઈ ભાષાના કવિ છે ?

(A) ઉડિયા (B) બંગાળી (C) તેલગુ (D) રાજસ્થાની — (A)

5. તાજેતરમાં જમ્મુ કાશ્મીરમાં કેટલા વર્ષ જૂની 'દરબાર મૂવ' પ્રથા બંધ કરવામાં આવી ?

(A) 130 (B) 132 (C) 149 (D) 157 — (C)

6. ડોગરા શાસક શ્રી મહારાજા રણબીરસિંહે કયા વર્ષે 'દરબાર મૂવ'ની પ્રથા શરૂ કરી હતી ?

(A) 1870 (B) 1872 (C) 1880 (D) 1882 — (B)

JOIN WHATSAPP GROUP joinicerajkot.com

## આંધ્રપ્રદેશ-તેલંગાણા જળ વિવાદ

તાજેતરમાં આંધ્રપ્રદેશ અને તેલંગાણાના સરહદી જિલ્લાઓમાં વધી રહેલા તણાવના કારણે વિવિધ જળવિદ્યુત પ્રોજેક્ટ પર પોલીસ દળ ગોઠવવામાં આવ્યા હતા.

- આંધ્રપ્રદેશએ 'કૃષ્ણા નદી મેનેજમેન્ટ બોર્ડ' **(KRMB)**ને ફરિયાદ કરી છે કે તેલંગાણા 'શ્રીસૈલમ પ્રોજેક્ટ' **(Srisailam Project)** માંથી પાણીનો ઉપયોગ વીજ ઉત્પાદન માટે કરે છે.
- આથી **KRMB** એ તેના તાજેતરના આદેશોમાં તેલંગાણાને વીજ ઉત્પાદન બંધ કરવા જણાવ્યું હતું.
- તેલંગાણા સરકાર દ્વારા **KRMB**ના આદેશોની અવગણનાથી તણાવ થયા છે.
- તેલંગાણા અને આંધ્રપ્રદેશ મુખ્યત્વે કૃષ્ણા અને ગોદાવરી નદી તથા તેમની ઉપનદીઓનું પાણી બંને રાજ્ય વચ્ચે શેર કરે છે.
- બંને રાજ્યએ આંધ્રપ્રદેશ પુનર્ગઠન અધિનિયમ, **2014** હેઠળ નદી બોર્ડ, કેન્દ્રીય જળ આયોગ અને શીર્ષ પરિષદ (એપેક્સ કાઉન્સિલ)ની મંજૂરી વિના અનેક નવા પ્રોજેક્ટની દરખાસ્ત કરી છે.
- આંધ્રપ્રદેશ પુનર્ગઠન અધિનિયમ, **2014**, ગોદાવરી નદી મેનેજમેન્ટ બોર્ડ અને કૃષ્ણા નદી મેનેજમેન્ટ બોર્ડની કામગીરીની દેખરેખ રાખવા કેન્દ્ર સરકાર દ્વારા એપેક્સ કાઉન્સિલની રચના ફરજિયાત બનાવે છે.
- આ એપેક્સ કાઉન્સિલ અથવા શીર્ષ પરિષદમાં કેન્દ્રીય જળ સંસાધન મંત્રી તથા તેલંગાણા અને આંધ્રપ્રદેશના મુખ્યમંત્રીઓ શામેલ છે.
- શ્રીસૈલમ જળાશયની ઉપરની બાજુથી કૃષ્ણા નદીના પાણીનો વપરાશ વધારવાની આ દરખાસ્તને લઈને તેલંગાણા સરકારે આંધ્રપ્રદેશ વિરુધ્ધ ફરિયાદ નોંધાવી હતી.
- શ્રી સૈલમ જળાશય આંધ્રપ્રદેશમાં કૃષ્ણા નદી પર બનાવવામાં આવ્યું છે. તે નલ્લામાલા પર્વતોમાં સ્થિત છે.

## આંતર રાજ્ય નદી જળ વિવાદ

બંધારણના અનુચ્છેદ– **262** અંતર્ગત આંતર–રાજ્ય જળ વિવાદના ન્યાયિક ઉકેલ અંગેની જોગવાઈ છે. જે અંતર્ગત ;

**(1)** કોઈપણ આંતર–રાજ્ય નદીઓ તથા નદી ખીણના પાણીના ઉપયોગ, ફાળવણી તથા નિયંત્રણ સંબંધી કોઈપણ વિવાદનો ઉકેલ લાવવાની સત્તા સંસદને છે (અનુચ્છેદ–**262(1)**)

**(2)** આ પ્રકારના કોઈ વિવાદમાં સર્વોચ્ચ ન્યાયાલય કે સંબંધિત રાજ્યોની ઉચ્ચ ન્યાયાલય પોતાની કોઈ સત્તાનો ઉપયોગ ન કરે તેવી વ્યવસ્થા સંસદ કરી શકે છે. (અનુચ્છેદ– **262(2)**)

- અનુચ્છેદ– **262** અંતર્ગતની સત્તાનો ઉપયોગ કરી સંસદે આંતર–રાજ્ય નદી તથા નદી ખીણના નિયંત્રણ તથા વિકાસ માટે સંસદે 'નદી બોર્ડ અધિનિયમ **(1956)**' બનાવ્યો હતો.
- આ નદી બોર્ડની સ્થાપના કેન્દ્ર સરકાર દ્વારા સંબંધિત રાજ્યોની ભલામણથી કરવામાં આવે છે. જે એક સલાહકાર તરીકેની ભૂમિકા ભજવે છે.
- આ ઉપરાંત સંસદે પોતાની અનુચ્છેદ– **262**ની સત્તાનો ઉપયોગ કરી 'આંતર–રાજ્ય જળ વિવાદ અધિનિયમ, **1956**' બનાવ્યો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

- આંતર–રાજ્ય જળ વિવાદ અધિનિયમ, 1956ની જોગવાઈ મુજબ બે કે તેથી વધુ રાજ્યો વચ્ચેના નદી અથવા નદી ખીણના જળ વિતરણ કે ઉપયોગ બાબતે વિવાદના ઉકેલ માટે કેન્દ્ર સરકાર એક અસ્થાયી ન્યાયાલય 'પંચ'ની રચના કરી શકે છે.

  નોંધ : (1) વર્ષ 2019માં 'આંતર–રાજ્ય જળ વિવાદ અધિનિયમ, 1956'માં સુધારો કરતો અધિનિયમ 'આંતર–રાજ્ય જળ વિવાદ (સુધારણા) અધિનિયમ, 2019' સંસદમાં રજૂ કરવામાં આવ્યો હતો.

  (2) આ અધિનિયમ નદીઓ અને નદીના તટ સાથે સંબંધિત વિવાદોમાં રાજ્યો વચ્ચે ચુકાદા આપવાની જોગવાઈ કરે છે.

## કૃષ્ણા નદી

કૃષ્ણા નદીનું ઉદ્ગમ સહયાદ્રી શ્રેણીમાં આવેલા મહાબળેશ્વર નજીક 1387 મીટર ઊંચાઈએ આવેલા એક ઝરણામાંથી થાય છે.

- કૃષ્ણા નદી પૂર્વ દિશામાં વહેતી દ્રીપકલ્પીય પ્રદેશની બીજા નંબરની લાંબી નદી છે.
- કૃષ્ણા નદીની સહાયક નદીમાં ભીમા, તુંગભદ્રા, કોયના, પંચગંગા, દૂધગંગા, ઘાટપ્રભા, માલપ્રભા, મુસી, ડિન્ડિ, પોલેર, મુનેદ્ર વગેરે છે.
- કૃષ્ણા નદીને 'કૃષ્ણાવેલી' તરીકે પણ ઓળખવામાં આવે છે.
- નાગાર્જૂન સાગર અને શ્રીસૈલમ કૃષ્ણા નદી પર આવેલા મુખ્ય બંધ છે.
- કૃષ્ણા નદીની સૌથી મોટી સહાયક નદી તુંગભદ્રા છે તથા તેમની કુલ લંબાઈ આશરે 1401 કિ.મી. છે.
- કૃષ્ણા નદી ભારતના મહારાષ્ટ્ર, કર્ણાટક, તેલંગાણા અને આંધ્રપ્રદેશ રાજ્યમાંથી વહી બંગાળની ખાડીને મળે છે.

## ગોદાવરી નદી

ગોદાવરી નદી મહારાષ્ટ્રના નાસિક જિલ્લાના ત્ર્યંબક ગામ પાસે 1067 મીટરની ઊંચાઈએથી ઉદ્ભવે છે.

- ગોદાવરી નદી દક્ષિણ ભારતની સૌથી મોટી નદી છે. તથા ભારતની બીજા ક્રમની સૌથી લાંબી નદી છે. જેથી તેને 'દક્ષિણ ગંગા' તરીકે ઓળખવામાં આવે છે.
- ગોદાવરી નદીનો કેચમેન્ટ એરીયા સાત રાજ્યોમાં ફેલાયેલો છે. જેમાં મહારાષ્ટ્ર, તેલંગાણા, છત્તીસગઢ, મધ્યપ્રદેશ, આંધ્રપ્રદેશ, કર્ણાટક અને ઓડિશાનો સમાવેશ થાય છે.
- ગોદાવરી નદી પોતાની પવિત્રતા, સૌંદર્ય, ઉપયોગિતા, વિશાળ સ્વરૂપ અને વ્યાપના કારણે 'વૃધ્ધ ગંગા' તરીકે પણ ઓળખવામાં આવે છે.
- ગોદાવરી નદીની સહાયક નદીઓમાં વૈનગંગા, પેનગંગા, પુર્ણા, પ્રવદા, પ્રાણહીતા, ઈન્દ્રાવતી, મંજારા અને વર્ધા છે.
- ગોદાવરી નદી મહારાષ્ટ્ર, આંધ્રપદેશ અને તેલંગાણા રાજ્યમાંથી વહી બંગાળની ખાડીમાં વિસર્જિત થાય છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ગુજરાતી રંગભૂમિના દિગ્ગજ એક્ટર શ્રી અરવિંદ રાઠોડનું નિધન

ગુજરાતી ફિલ્મોના જાણીતા અભિનેતા શ્રી અરવિંદ રાઠોડનું 1 જુલાઈના રોજ 80 વર્ષની વયે નિધન થયું છે.

- શ્રી અરવિંદ રાઠોડ ફોટો–જર્નાલિસ્ટમાંથી એક્ટર બન્યા હતા તેમણે ગુજરાતી તથા હિન્દી બંને ફિલ્મમાં કામ કર્યુ છે.
- તેઓ ગુજરાતી સિનેમામાં મુખ્યત્વે વિલનનો રોલ કરતા હતા.
- તેમણે સ્કૂલ તથા કોલેજમાં એકિટંગ ક્ષેત્રે અનેક નાટકોમાં કામ કર્યુ હતું.
- શરૂઆતમાં તેમણે બોલિવૂડ–ગુજરાતી એકટ્રેસ સુશ્રી અરૂણા ઈરાનીના પિતાશ્રી એફ.આર. ઈરાનીના નાટક 'મોટા ઘરની વહુ'માં કામ કર્યા બાદ અમદાવાદ ખાતે કેટલાંક નાટકોમાં કામ કર્યુ હતું.
- વર્ષ 1967-68માં શ્રી વિનોદ જાનીના નાટક 'પ્રીત પિયુને પાનેતર'માં કામ કરવા મુંબઈ ગયા હતા. અહીં ફોટો જર્નલિસ્ટ તરીકે કામ કરતા. આ દરમિયાન શ્રી રાજ કપૂરે ફિલ્મ 'મેરા નામ જોકર'માં નાનકડી ભૂમિકા આપી હતી.
- આ સાથે તેઓ અહીંથી બિગ સ્ક્રીન સાથે જોડાઈ ગયા હતા. અને કારકિર્દીની શરૂઆત કરી હતી.
- શ્રી અરવિંદ રાઠોડે તેની કારકિર્દીમાં 100 થી વધુ ફિલ્મ અને નાટકમાં કામ કર્યુ હતું.

### શ્રી અરવિંદ રાઠોડની કેટલીક જાણીતી ફિલ્મો

| ક્રમ | ફિલ્મ | વર્ષ |
|---|---|---|
| 1 | જહોની ઉસકા નામ | 1970 |
| 2 | બદનામ ફરિશ્તે | 1971 |
| 3 | મહાસતી સાવિત્રી | 1973 |
| 4 | કોરા કાગજ | 1974 |
| 5 | ભાદર તારા વહેતા પાણી | 1976 |
| 6 | સોન કંસારી | 1977 |
| 7 | સલામ મેમસાબ | 1979 |
| 8 | ગંગાસતી | 1979 |
| 9 | મણિયારો | 1980 |
| 10 | જાગ્યા ત્યારથી સવાર | 1981 |
| 11 | મા ખોડલ તારા ખમકારો | 1989 |
| 12 | મા તેરે આંગન નગારા બાજે | 1990 |
| 13 | અગ્નિપથ | 1990 |
| 14 | ખુદા વગાહ | 1993 |
| 15 | અબ તો આજા સાજન મેરે | 1994 |

નોંધ : (1) શ્રી અરવિંદ રાઠોડે ટીવી સિરિયલ 'થોડી ખુશી થોડે ગમ'માં પણ કામ કર્યુ હતું.

(2) છેલ્લે તઓ 2018માં ગુજરાતી ફિલ્મ 'ટેન્શન થઈ ગયું'માં જોવા મળ્યા હતા.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ગીધ સંરક્ષણ

તાજેતરમાં બિહારના 'વાલ્મીકી ટાઈગર રિઝર્વ'માં 150 ગીધ જોવા મળ્યા હતા. જેમણે આ સંરક્ષિત ક્ષેત્રમાં ગીધ સંરક્ષણ યોજનાને પ્રેરણા આપી હતી.

- ગીધ મૃત પ્રાણીઓને ખાનાર પક્ષીઓની 22 પ્રજાતિઓમાંનું એક છે. જે મુખ્યત્વે ઉષ્ણકટીબંધીય અને ઉપ–ઉષ્ણકટીબંધીય પ્રદેશોમાં રહે છે.
- ગીધ પ્રકૃતિના કચરો એકત્રિત કરનારા તરીકે પણ એક મહત્વપૂર્ણ કાર્ય કરે છે. તથા કચરો દૂર કરીને પર્યાવરણને સ્વચ્છ રાખવામાં પણ મદદ કરે છે.
- વન્યપ્રાણી રોગોને કાબૂમાં રાખવામાં પણ ગીધ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.
- ભારત ગીધોની 9 પ્રજાતીઓનું ઘર છે. જેમાં ઓરિએન્ટલ વ્હાઈટ બેકડ, લોંગ બિલ્ડ, સ્લેન્ડર–બિલ્ડ, હિમાલયન, રેડ હેડેડ, ઈજિપ્તિયન, બિયરડેડ, સિનેરિયમ અને યુરેશિયન ગ્રિફોનનો સમાવેશ થાય છે.
- આ 9 પ્રજાતિમાંથી મોટા ભાગના ગીધ લુપ્ત થવાના ભયમાં છે.
- બિયરડેડ, લોન્ચ બિલ્ડ અને ઓરિએન્ટલ વ્હાઈટ બેકડ 'વન્યજીવ સરંક્ષણ અધિનિયમ, 1972'ની અનુસૂચી–1 માં સંરક્ષિત છે. જ્યારે બીજા 'અનુસૂચી IV' અંતર્ગત સંરક્ષિત છે.

નોંધ : (1) વાલ્મીકી ટાઈગર રિઝર્વ બિહારના ચંપારણ જિલ્લામાં ભારત–નેપાળ સરહદ પર આવેલ છે.

(2) તેની સ્થાપના વર્ષ 1994માં પ્રોજેક્ટ ટાઈગર કરવામાં આવી હતી.

ICE દ્વારા ONLINE UPLOAD
કરવામાં આવતું DAILY & WEEKLY FREE MATERIALS
www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot
દિવસ મહિમા
GPSC MAINS Q & A
VOCAB
GPSC SPECIAL ARTICLE
ICE DAILY DOSE
ICE MAGIC

1. તાજેતરમાં 'શ્રીસૈલમ પ્રોજેક્ટ' માંથી પાણીના ઉપયોગ માટે જળ વિવાદ કયા બે રાજ્ય વચ્ચે થયો હતો ?

(A) આંધ્રપ્રદેશ–તેલગાણા (B) આંધ્રપ્રદેશ–કેરળ

(C) મહારાષ્ટ્ર–મધ્યપ્રદેશ (D) છત્તીસગઢ–આંધ્રપ્રદેશ (A)

2. 'શ્રીસૈલમ બંધ' કઈ નદી પર સ્થિત છે ?

(A) મહી (B) લોહિત (C) મહાનદી (D) કૃષ્ણા (D)

3. ભારતીય બંધારણના કયા અનુચ્છેદ અંતર્ગત આંતર–રાષ્ટ્રીય જળ વિવાદના ન્યાયિક ઉકેલ અંગેની જોગવાઈ છે ?

(A) અનુચ્છેદ– 246 (B) અનુચ્છેદ– 262 (C) અનુચ્છેદ– 272 (D) અનુચ્છેદ– 286 (B)

4. સંસદે ભારતીય બંધારણના કયા અનુચ્છેદનો ઉપયોગ કરી 'આંતર–રાજ્ય જળ વિવાદ અધિનિયમ, 1956' બનાવ્યો હતો ?

(A) અનુચ્છેદ– 246 (B) અનુચ્છેદ– 262 (C) અનુચ્છેદ– 272 (D) અનુચ્છેદ– 286 (B)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

5. તાજેતરમાં શ્રી અરવિંદ રાઠોડનું નિધન થયું છે. તે કયા ક્ષેત્ર સાથે સંકળાયેલા હતા ?

(A) અભિનય (B) તબીબી

(C) રાજકીય (D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં (A)

6. તાજેતરમાં 'વાલ્મીકિ ટાઈગર રિઝર્વ'માં 150 ગીધ જોવા મળ્યા હતા. તે કયા રાજ્યમાં સ્થિત છે ?

(A) તેલંગાણા (B) કેરળ (C) બિહાર (D) આંધ્રપ્રદેશ (C)

# ONE LINER

## ગુજરાત

➤ **બેટ દ્વારિકા, પિરોટન અને શિયાળ બેટ ટાપુને પ્રવાસ પર્યટન હોટસ્પોટ તરીકે વિકસાવાશે.**

ગુજરાતના સમૂદ્ર કિનારાના બેટ દ્વારિકા, શિયાળ બેટ અને પિરોટન ટાપુઓને પર્યટન–પ્રવાસન હોટસ્પોટ તરીકે વિકસાવવા પ્રવાસન–ઈન્ફ્રાસ્ટ્રકચર તેમજ સામાજિક આર્થિક વિકાસના કામોના વિવિધ પ્રોજેક્ટસ રાજ્ય સરકાર હાથ ધરશે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના અધ્યક્ષ સ્થાને મળેલી આયલેન્ડ ઓથોરિટીની ચોથી બેઠકમાં આ ટાપુઓને ટુરિઝમ અને નેચર રિલેટેડ એક્ટિવિટીઝ, એડવેન્ચર સ્પોર્ટસ સહિતની ગતિવિધિઓથી પ્રવાસન પ્રવૃતિના આકર્ષણ કેન્દ્રો બનાવવા વિવિધ નિર્ણયો લેવામાં આવ્યા હતા. બેટ દ્વારિકામાં ઈકો ટુરિઝમ એન્ડ વોટર સ્પોર્ટસ, મરિન ઈન્ટરપ્રિટેશન સેન્ટર, બિચ ફ્રન્ટ ડેવલપમેન્ટ, લેઈક ફ્રન્ટ ડેવલપમેન્ટ, ડોલ્ફિન વ્યૂઈંગ સહિતના પ્રવાસન સુસંગત પ્રોજેક્ટ અને અન્ય ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રોજેક્ટ માટે રૂ. 28.95 કરોડના વિવિધ કામો માટે વિકાસ માસ્ટર પ્લાન તૈયાર કરવા એજન્સીની પંસદગીની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. અને ઓથોરિટી દ્વારા ડિટેઈલ્ડ પ્રોજેક્ટ રિપોર્ટ મંજૂર કરી દેવાયો છે. શિયાળ બેટ ટાપુ ઉપર ઈકો રિસોર્ટ, ઈકો પાર્ક, ડોલ્ફીન વ્યૂઈંગ પોઈન્ટ, આર્કિયો લોજીકલ ડિસ્પ્લે ગેલેરી, બીચફ્રન્ટ ડેવલપમેન્ટ અને વોટર એક્ટિવિટીઝ જેવા કામો સહિતના ટુરિઝમ, ઈન્ફ્રાસ્ટ્રકચર અને સોશિયો ઈકોનોમિક પ્રોજેક્ટસના કુલ 35.95 કરોડના કામો માટે પણ વિકાસ એજન્સી પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **અમદાવાદની ઔદ્યોગિક વસાહતમાં 'ફ્રેન્ટમ કેટાલીટીક રિએક્ટર પ્લાન'નો ઈ-શુભારંભ**

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ અમદાવાદની વટાવા જી.આઈ.ડી.સી. માં 'ફ્રેન્ટમ કેટાલીટીક રીએક્ટર' પ્લાન્ટનો કેન્દ્રીય મંત્રી શ્રી પ્રકાશ જાવેડકરની નવી દિલ્હીથી વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં ગાંધીનગર થી વિડીયો કોન્ફરન્સના માધ્યમથી લોકાપર્ણ કર્યુ હતું. 'ફ્રેન્ટમ કેટાલીટીક રીએક્ટર' (FCR) ટેક્નોલોજી થી સજ્જ CETPનો લાભ વટાવા જી.આઈ.ડી.સી.ના 700 જેટલા ઉદ્યોગોને મળશે. પર્યાવરણ કાયદાના માપદંડોનું સરળતાથી પાલન દ્વારા વટાવા ઔદ્યોગિક વિસ્તાર વેસ્ટ વોટરના નિકાલ અંગેના 100 ટકા નોર્મ્સનું પાલન કરતો વિસ્તાર બનશે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતુ કે ઔદ્યોગિક એકમોમાંથી ઉદ્ભવતા ગંદાપાણીના શુધ્ધિકરણ અને નિકાલ માટે રાજ્યમાં સંયુક્ત ગંદાપાણીના શુધ્ધીકરણ પ્લાન્ટની વ્યવસ્થાને વેગ આપ્યો છે.

➤ **ગુજરાતની છ ખેલાડીઓ ઓલિમ્પિક માટે ક્વોલિફાય**

ગુજરાત રાજ્યની સ્થાપના થયા બાદના 60 વર્ષના ઈતિહાસમાં પ્રથમવાર રાજ્યના 6 ખેલાડીઓ આગામી ઓલિમ્પિક રમતોમાં ભારત દેશનું પ્રતિનિધિત્વ કરશે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતની નારી શક્તિની સ્પોર્ટસક્ષેત્રની આ અભૂતપૂર્વ સિધ્ધિ માટે આ છ રમત વિરાંગનાઓને અભિનંદન પાઠવયા હતા અને ટોક્યો ઓલિમ્પિકમાં અવલ્લ સ્થાન મેળવી ભારત અને ગુજરાતનું નામ રોશન કરે તેવી શુભેચ્છાઓ પાઠવી છે. ગુજરાતની છ દીકરીઓ જેમાં સુશ્રી માના પટેલ (સ્વમિંગમાં), સુશ્રી એલાવેનિલ વાલરિવન (શૂટિંગમાં), સુશ્રી અંકિતા રૈના (ટેનિસમાં), સુશ્રી સોનલ પટેલ તથા સુશ્રી ભાવિના પટેલ (પેરાટેબલ ટેનિસ) અને સુશ્રી પારુલ પરમાર (પેરા બેડમિન્ટન) રમતામાં ટોક્યો ઓલિમ્પિક–પેરા ઓલિમ્પિક ખાતે વિશ્વના અન્ય દેશના ખેલાડીઓ સાથે સ્પર્ધામાં ઉતરશે.

➤ **'કારગીલ વીરોને ગુજરાતનો આભાર' અભિયાન**

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ NCC ડાયરેક્ટોરેટ ગુજરાતના NCC કેડેટ્સની ભારતીય સેનાના જવાનો પ્રત્યોની કૃતજ્ઞતા અને રાષ્ટ્રભક્તિ ભાવનાની આગવી સંવેદના રૂપે 'કારગીલ વીરોને ગુજરાતનો આભાર' અભિયાનનો ગાંધીનગર થી પ્રારંભ કરાવ્યો હતો. NCC ડાયરેક્ટરેટ ગુજરાતના વડા મેજર જનરલ શ્રી અરવિંદ કપૂરની પ્રેરણાથી 'એક મૈ સો કે લિયે' અભિયાન ગુજરાત સ્થાપના દિવસ નીમિતે શરૂ કરવામાં આવ્યું હતું. આ અભિયાનના 4 તબક્કાને મળેલી સફળતા અને સોશિયલ મિડીયા પ્લેટફોર્મ ટવીટરના માધ્યમથી 14 લાખ હિટસની સિધ્ધિ માટે 'વર્લ્ડ બૂક ઓફ રેકોર્ડસ' દ્વારા સર્ટિફિકેટ ઓફ કમિટમેન્ટ પ્રાપ્ત થયેલું છે. આ અભિયાનના પાંચમાં તબક્કામાં NCC કેડેટ્સ 25000 શુભેચ્છા કાર્ડ દેશની કારગીલ સરહદે તૈનાત જવાનોને કારગીલ વિજય દિવસની 22મી વર્ષગાંઠ એટલે કે 26 જુલાઈએ મોકલવાના છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

➤ **ગુજરાત પ્રોહિબેશન એક્ટ, 1949**

તાજેતરમાં દારૂબંધીને લગતો કાયદો 'ગુજરાત પ્રોહિબેશન એક્ટ, 1949'ને બોમ્બે પ્રોહિબેશન એક્ટ અમલમાં આવ્યાના સાત દાયકાથી વધુ સમય પછી ગુજરાત હાઈકોર્ટ સમક્ષ પડકારવામાં આવ્યો છે. નશીલી દવા અને માદક દ્રવ્યો પર પ્રતિબંધ સંબંધિત કાયદાઓમાં સુધારો કરવા માટે તત્કાલીન બોમ્બે પ્રાંત દ્વારા 'બોમ્બે પ્રોહિબેશન એક્ટ, 1949' અમલમાં મુકવામાં આવ્યો હતો. વર્ષ 1960માં બોમ્બે પ્રાંતનું મહારાષ્ટ્ર અને ગુજરાત રાજ્યામાં વિભાજન કરવામાં આવ્યું હતું. ગુજરાત રાજયએ વર્ષ 1960માં પહેલેથી જારી કરવામાં આવેલી પ્રતિબંધ નીતિ અપનાવી હતી અને બાદમાં તેનો વધુ સખત અમલ કરવાનો નિર્ણય લીધો હતો. વર્ષ 2011માં આ અધિનિયમનું નામ બદલીને 'ગુજરાત પ્રોહિબેશન એક્ટ' રાખવામાં આવ્યું હતું.

## ભારત

➢ **બેંગ્લોર સબ-અર્બન રેલ પ્રોજેક્ટ**

તાજેતરમાં કર્ણાટક સરકારે ટૂંક સમયમાં 'બેંગ્લોર સબ–અર્બન પ્રોજેક્ટ' શરૂ કરવાની જાહેરાત કરી છે. આ પ્રોજેક્ટ વર્ષ 2026 સુધીમાં પૂર્ણ થવાની સંભાવના છે તથા આ પ્રોજેક્ટ અંદાજે 15,767 કરોડના ખર્ચ પૂર્ણ થશે. આ પ્રોજેક્ટને ભારતનો સૌથી એકીકૃત રેલ યોજના (Integrated Rail Project) માનવામાં આવે છે. બેંગ્લોર સબ–અર્બન રેલ પ્રોજેક્ટ સૌપ્રથમ 1983માં પ્રસ્તાવિત કરવામાં આવ્યો હતો. અને ત્યારબાદ તે કર્ણાટકની વિવિધ સરકારો માટે સૌથી મહત્વપૂર્ણ પ્રોજેક્ટ રહ્યો છે. આ પ્રોજેક્ટનું લક્ષ્ય રેલ્વે આધારિત ઝડપી–પરિવહન પ્રણાલી દ્વારા બેંગ્લોરને તેની આસપાસની ટાઉનશિપ્સ, પરા અને ગ્રામિણ વિસ્તારો સાથે જોડવાનું છે. આ પ્રોજેક્ટ 148.17 કિ.મીના રેલ નેટવર્ક પર ફેલાશે તથા ચાર કોરિડરમાં કુલ 57 સ્ટેશન હશે. આ ચાર કોરિડોરના નામ બેંગ્લોરના ક્ષેત્રીય ફૂલોના નામ પરથી રાખવામાં આવ્યા છે. જેમાં સંપિત્રે (ચંપા), પારિજાપ (પ્રજાક્ત), મબલિયન (જાસ્મિન) અને કન (પ્રિયદર્શ) નામનો સમાવેશ થાય છે.

➢ **જમ્મુ એરફોર્સ બેઝ પર ડ્રોન દ્વારા આતંકી હુમલો**

તાજેતરમાં ભારતના ઈતિહાસમાં પ્રથમવાર ભારતીય સશસ્ત્રોદળોના મથક પર આંતકવાદીઓ દ્વારા ડ્રોનની મદદથી હુમલાની ઘટના બની છે. પાકિસ્તાનની બોર્ડરથી ફક્ત 14 કિ.મીના અંતરે આવેલા ઉચ્ચ સુરક્ષા ધરાવતા જમ્મુ એરપોર્ટ ખાતેના એરફોર્સ બેઝ પર 27 જૂનની વહેલી સવારે ડ્રોન દ્વારા બે વિસ્ફોટ થયા હતા. છેલ્લા ઘણા સમયથી ડ્રોન એટેક અને તેને સંબંધિત ચિંતાઓ વધી છે. છેલ્લા બે વર્ષમાં પાકિસ્તાન સ્થિત સંગઠનો દ્વારા હથિયારો, દારૂગોળા અને ડ્રગ્સની હેરાફેરી કરવા માટે ડ્રોનનો નિયમિત ઉપયોગ કરવામાં આવે છે. ડ્રોન ખૂબ નીચે ઉડાન ભરે છે આથી કોઈપણ રડાર સિસ્ટમ દ્વારા તેને શોધી શકાતું નથી. સરકારી આકડા મુજબ વર્ષ 2019માં પાકિસ્તાનની સરહદ પર 167 ડ્રોન જોવા મળ્યા હતા. નોંધનીય છે કે વર્ષ 2019માં સાઉદી અરેબિયામાં 'આરમકો ક્રુડ ઓઈલ' પર ડ્રોન દ્વારા હુમલો થયો હતો.

➢ **સુશ્રી દીપિકા કુમારીએ તીરંદાજી વિશ્વકપમાં ત્રણ ગોલ્ડ મેડલ જીત્યા**

ભારતની સુશ્રી દીપિકા કુમારીએ પેરિસમાં આયોજિત તીરંદાજી વિશ્વકપના ત્રીજા તબક્કામાં એક જ દિવસે ગોલ્ડ મેડલ જીત્યા હતા. તેમણે વ્યક્તિગત રિકરવ ઈવેન્ટ, મિશ્ર રિકરવ ઈવેન્ટ અને મહિલાઓની રિકરવ ટીમમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો. મિશ્ર રિકર્વ ટીમ ઈવેન્ટમાં તેમણે તેમના પતિ શ્રી અતનુ દાસ સાથે ગોલ્ડ મેડલ જીત્યો હતો. આ સાથે ભારતના નામે ચાર ગોલ્ડ મેડલ થયા છે. આ પહેલા શ્રી અભિષેક શર્માએ વ્યક્તિગત સ્પર્ધામાં ગોલ્ડ મેડલ મેળવ્યો હતો. સુશ્રી દીપિકા કુમારીનો જન્મ 13 જૂન, 1994માં ઝારખંડના રાંચીમાં થયો હતો. તેઓ ભારતના પ્રસિધ્ધ તીરંદાજીમાંનાં એક છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**➢ ભારતમાં રોકેટ લોન્ચ સાઈટ નિર્માણ અને સંચાલન માટે ખાનગી કંપનીઓને પરવાનગી**

કેન્દ્ર સરકારે ખાનગી કંપનીઓને દેશની અંદર અને બહાર રોકેટ લોન્ચિંગ સાઈટ ઉભી કરવા અને સંચાલન માટે મંજૂરી આપી છે. જો કે આ માટે તેમને સરકાર પાસે મંજૂરી લેવાની રહેશે. એટલે કે સરકાર દ્વારા રચિત ઈન્ડિયન નેશનલ સ્પેસ પ્રમોશન એન્ડ ઓથોરાઈઝેશન સેન્ટર (IN-SPACE)ની પરવાનગી બાદ વિદેશમાં અથવા ભારતમાં કોઈપણ રોકેટ લોન્ચ કરી શકાશે. નેશનલ સ્પેસ ટ્રાન્સપોર્ટેશન પોલિસી-2020 ના મુસદ્દા અનુસાર રેકેટ લોન્ચ કરી શકાશે. જો લોન્ચિંગ ભારતની બહાર કરવામાં આવશે તો અન્ય કોઈપણ દેશ અથવા પ્રદેશમાં પ્રવૃતિઓના ક્ષેત્રને હાથ ધરવા માટે જરૂરી બધી મંજૂરીઓ સંબંધિત રાષ્ટ્ર અથવા પ્રદેશના કાયદા અનુસાર હશે.

**➢ લઘુ અને મધ્યમ કંપની (SMC) ની વ્યાખ્યા બદલવામાં આવી**

કોર્પોરેટ બાબતોના મંત્રાલયે લઘુ અને મધ્યમ ઉદ્યોગો (SMC)ની વ્યાખ્યામાં વધારો કર્યો છે. આ વિસ્તૃત વ્યાખ્યા મુજબ એક લઘુ અને મધ્યમ કંપની એ અસુચિબધ્ધ કંપની છે જેનું વેચાણ રૂ. 250 કરોડ છે અને ઉધાર 50 કરોડ સુધીનું છે. અગાઉ વેચવાની મર્યાદા 50 કરોડ રૂપિયા હતી અને ઉધાર મર્યાદા 10 કરોડ સુધીની હતી. હવે SMCsને 'કંપની (હિસાબી ધોરણો) નિયમો, 2021' હેઠળ છૂટ મેળવવા માટેની મંજૂરી છે. આ નાની કંપનીઓ માટે નિયમનકારી ફાઈલિંગની જટિલતાને ઘટાડશે. નોંધનીય છે કે બેંકો, વીમા કંપનીઓ, નાણાકીય સંસ્થાઓ અને લિસ્ટેડ કંપનીઓ SMEs તરીકે વર્ગીકૃત કરી શકાતી નથી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**➢ પ્રથમ મૂવેબલ ફ્રેશ વોટર ટનલ એક્વેરિયમ**

તાજેતરમાં ભારતીય રેલ્વેએ બેંગ્લુરુ રેલ્વે સ્ટેશન પર દેશનું પ્રથમ 'મૂવેબલ ફ્રેશ વોટર ટનલ એક્વેરિયમ' (Movable Fresh Water Tunnel Aquarium)ની સ્થાપના કરી છે. ક્રાંતિવીર સંગોલી રાયના રેલ્વે સ્ટેશન જેને બેંગ્લુરુ સિટી રેલ્વે સ્ટેશન તરીકે પણ ઓળખવામાં આવે છે, જે ભારતનું પ્રથમ એવુ રેલ્વે સ્ટેશન બની ગયું છે કે જેમાં મૂવેબલ ફ્રેશ વોટર ટનલ એક્વેરિયમ છે. આ એક્વેરિયમ (માછલી ઘર)માં 12 ફૂટ લાંબુ જલીય સામ્રાજ્ય છે. જેમાં અસંખ્ય વનસ્પતી અને પ્રાણી સૃષ્ટિ છે. તે વિવિધ જળચર પ્રાણીઓ જેવા કે એલીગેટર ગાર રેજિંગ, સ્ટિંગ, શાર્ક, લોબસ્ટર, ઝીંગા વગેરેનું નિવાસ સ્થાન છે. રેલ્વે સ્ટેશન પર મુસાફરોને સુખદ અનુભવ પ્રદાન કરવાના ઉદ્દેશ્ય સાથે 1.2 કરોડના ખર્ચે બનાવવામાં આવ્યું છે.

## વિશ્વ

➢ **ચીનએ બૈહેતન હાઈડ્રોઈલેક્ટ્રિક ડેમ પ્રોજેક્ટ શરૂ કર્યો**

તાજેતરમાં ચીને વિશ્વનો બીજો સૌથી મોટો હાઈડ્રોઈલેક્ટ્રિક ડેમ 'બૈહેતન'નું કાર્ય શરૂ કર્યુ છે. નોંધનીય છે કે ચીનમાં યાંગિત્ઝ નદી પરનો 'થ્રી ગોર્જ ડેમ' વિશ્વનો સૌથી મોટો હાઈડ્રોપાવર ડેમ છે. બૈહેતન ડેમ ચીનમાં જીંશા નદી પર સ્થિત છે જે યાંગ્ત્ઝી નદીની ઉપનદી છે. યાંગ્ત્ઝી નદી એશિયાની સૌથી લાંબી નદી છે. આ પ્રોજેક્ટની કુલ સ્થાપિત ક્ષમતા 16000 મેગાવોટ છે. આ હાઈડ્રો પ્રોજેક્ટ ચાઈના થ્રી ગોર્જ કોર્પોરેશન દ્વારા બનાવવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટ વધુ જળવિદ્યુત ક્ષમતા બનાવીને અશ્મિભૂત ઈંધણની વધતી માંગને ઘટાડવાના ચીનના પ્રયત્નોનો એક ભાગ છે. નોંધનીય છે કે વર્ષ 2020માં ચીને વર્ષ 2026 સુધીમાં કાર્બન તટસ્થ હાંસલ કરવાનું લક્ષ્ય રાખ્યું હતું.

➢ **ચીનને મેલેરિયા મુક્ત જાહેર કરવામાં આવ્યું**

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા 30 મી જૂન, 2021ના રોજ મેલેરિયાને નાબૂદ કરવાના 70 વર્ષના પ્રયત્નો બાદ ચીનને મેલેરિયા મુક્ત જાહેર કરાયું છે. ચીનમાં 1940ના દાયકામાં દર વર્ષે મેલેરિયાના 30 મિલિયન કેસ નોંધાયા હતા. પરંતુ ચાર વર્ષથી કોઈ કેસ નોંધાયો નથી. નોંધનીય છે કે ઓછામાં ઓછા સતત ત્રણ વર્ષ થી મેલેરિયાના સ્વદેશી કેસ શૂન્ય થયા હોય એવા રાષ્ટ્રો WHOને મેલેરિયા મુક્ત દરજ્જાના પ્રમાણપત્ર માટે અરજી કરી શકે છે. WHO દ્વારા મેલેરિયા મુક્ત દરજ્જો પ્રાપ્ત કરવા ચીની 40મું ક્ષેત્ર બન્યું છે. 1950ના દાયકામાં ચીને એન્ટિ-મેલેરિયલ દવાઓનો ઉપયોગ કરીને તેની સામે લડવાનું શરૂ કર્યુ હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

➢ **યુરોપિયન યુનિયન ગ્રીન પાસ સૂચિ**

યુરોપિયન મેડિસીન્સ એજન્સી (EMA)એ તાજેતરમાં સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા દ્વારા ઉત્પાદિત કોવિશિલ્ડ રસીને 'ગ્રીન પાસ' માટેની માન્ય રસીઓની સૂચીમાંથી દૂર કરી દીધી છે. EMA અનુસાર આ રસીને સૂચીમાંથી એટલે બકાત રાખવામાં આવી હતી કારણ કે તેની પાસે યુરોપિયન યુનિયનમાં માર્કેટિંગ અધિકૃતતા નથી. યુરોપિયન યુનિયનના સભ્ય દેશોએ કામ અને પર્યટનના હેતુથી યુરોપિયન યુનિયન દેશોની વચ્ચે સરળ પ્રવાસને સક્ષમ બનાવવા માટે ડિજિટલ 'રસી પાસપોર્ટ' આપવાનું શરૂ કર્યુ છે. EMA એ આ ગ્રીન પાસમાં અત્યાર સુધી ચાર કોવિડ-19 રસીને મંજૂરી આપી છે. જેમાં કોમિરનાટી, મોડર્ના, વેક્સજેવરિયા અને જાનસેનનો સમાવેશ થાય છે.

➤ **ભરિતલાસુચસ તપની : એક માંસાહારી સરીસૃપ**

તાજેતરમાં જીવાશ્મ વૈજ્ઞાનિકોની આંતરરાષ્ટ્રીય ટીમે એક માંસાહારી સરીસૃપ પર પ્રકાશ પાડ્યો હતો. જે 240 મિલિયન વર્ષ પહેલા જોવા મળતા હતા. આ ટીમે ભારતીય આંકડાકીય સંસ્થા કોલકાતામાં સંગ્રહિત અવશેષ નમુનાઓનો અભ્યાસ કર્યો હતો. સંસોધનકારોએ પેલેઓટોલોજિસ્ટ શ્રી તપન રોય ચૌધરીના નામ પરથી આ સરીસૃપનું નામ 'ભરિતલાસુચસ તપની' (BT) રાખવામાં આવ્યું છે. BT મજબૂત માથા અને મોટા દાંતવાળા પ્રાણીઓ હતા. તેઓ લગભગ એક પુખ્ત નર સિંહના કદના હતા અને ત્યારની પર્યાવરણીય સ્થિતિના સૌથી મોટા શિકારી હતા.

➤ **એલોન મસ્કની સ્ટારલિંક વૈશ્વિક સ્તરે ઈન્ટરનેટ પ્રદાન કરશે**

ટેસ્લા અને સ્પેસએકસના ચીફ એક્ઝિક્યુટિવ એલોન મસ્કના જણાવ્યા અનુસાર સ્ટારલિંક ટૂંક સમયમાં વૈશ્વિક ઈન્ટરનેટ કવરેજ પ્રદાન કરશે. સ્ટારલિંક હાલમાં 12 દેશોમાં 70,000 થી વધુ વપરાશ કર્તાઓ ધરાવે છે. તેમણે જણાવ્યું હતું કે આગામી 12 મહિનામાં 5 મિલિયન વપરાશકર્તાઓને આવરી લેવા માટે સ્ટારલિંકના વિસ્તરણ માટે લગભગ 30 અબજ ડોલરનો ખર્ચ કરશે. સ્ટારલિંક સ્પેસએક્સ દ્વારા બનાવેલ એક સેટેલાઈટ ઈન્ટરનેટ જૂથ છે. તેઓ પૃથ્વી નીચેની ભ્રમણકક્ષામાં પ્રક્ષેપિત થયેલ છે. સ્ટારલિંક એ હાઈ–સ્પીડ, લો લેટન્સી બ્રોડબેન્ડ ઈન્ટરનેટ છે. જે સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રારંભિગ બીટા સેવા પ્રદાન કરે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **આંતરરાષ્ટ્રીય સ્થળાંતર કામદારો પર ILO એ રિપોર્ટ બહાર પાડયો**

તાજેતરમાં આંતરરાષ્ટ્રીય લેબર ઓર્ગેનાઈઝેશન (ILO)એ આંતરરાષ્ટ્રીય સ્થળાંતર કામદારો પર પોતાનો અહેવાલ પ્રકાશિત કર્યો છે. આ અહેવાલ COVID-19 મહામારી અને વૈશ્વિક ઔદ્યોગિકરણની વચ્ચે પ્રકાશિત કરવામાં આવ્યો છે, જેણે રોજગારીની શોધમાં સરહદ પાર કરનારા કામદારોની બદલી સાથે વિશ્વની અર્થવ્યવસ્થાને અસર કરી છે. ILOના અહેવાલ અનુસાર વૈશ્વિક સ્તરે આંતરરાષ્ટ્રીય સ્થળાંતર કરનારા કામદારોની સંખ્યા વધીને 169 મિલિયન થઈ છે. વર્ષ 2017 થી આમાં 3% નો વધારો થયો છે. મહિલા સ્થળાંતર કામદારોની સામાજિક સુરક્ષા સુધી મર્યાદિત પહોંચ છે તથા સહયોગ સેવાઓ માટે ઓછા વિકલ્પો ઉપલબ્ધ છે. આ અહેવાલ અનુસાર સ્ત્રીઓ ઓછી વેતનવાળી અને ઓછી કુશળ નોકરીમાં વધુ પ્રતિનિધિત્વ કરે છે.

➢ **સર લુડવિગ ગુટમેન**

તાજેતરમાં ગૂગલના એક એનિમેટેડ ડૂડલના માધ્યમથી જર્મન ડોક્ટર અને પેરાઓલિમ્પિકના પિતા તરીકે ઓળખાતા 'સર લુડવિગ ગુટમેન'ના 122માં જન્મદિવસ નિમિત્તે શ્રધ્ધાંજંલી આપી હતી. સર લુડવિગ ગુટમેનનો જન્મ 3 જુલાઈ, 1899ના રોજ જર્મનીના ટોસ્ટ શહેરમાં થયો હતો. તેમણે પ્રસિધ્ધ ન્યુરોલોજીસ્ટ તરીકે નામના મેળવી હતી. તથા કરોડરજ્જુની ઈજાઓ અને ન્યુરોસર્જિકલ કાર્ય પ્રક્રિયાઓ પર તેમના સંશોધન કાર્યથી તેમને જર્મનીના અગ્રણી ન્યરોલોજીસ્ટ તરીકે પ્રસિધ્ધ હતા. તેમણે 29 જુલાઈ 1948ના રોજ લંડન ઓલિમ્પિકની શરૂઆત સાથે અક્ષમ સૈનિકો માટેની પ્રથમ 'સ્ટોક મેન્ડેવિલે ગેમ્સ'નું આયોજન કર્યુ હતું. જેને હવે 'પેરાઓલિમ્પિક' તરીકે ઓળખવામાં આવે છે.

## ICE Questions

- ગુજરાત સરકાર કઈ ટાપુઓને પ્રવાસ પર્યટન હોટસ્પોટ તરીકે વિકસાવશે ? – બેટ દ્વારિકા, પિરોટન, શિયાળબેટ
- શ્રી વિજયભાઈ રૂપાણીએ કઈ જિલ્લાની GIDCમાં 'ફેન્ટમ કેટલીટીક રિએક્ટર પ્લાન'નો ઈ–શુભારંભ કરાવ્યો છે ? – અમદાવાદ (વટાવા GIDC માં)
- ગુજરાતની કેટલી ખેલાડીઓ ઓલિમ્પિક માટે ક્વોલિફાય થઈ છે ? – છ
- સુશ્રી માના પટેલ કઈ રમત સાથે સંકળાયેલ છે ? – સ્વિમિંગ
- 'કારગીલના વીરોને ગુજરાતનો આભાર' અભિયાનનો પ્રારંભ કોણે કરાવ્યો હતો ? – શ્રી વિજયભાઈ રૂપાણી
- બોમ્બે પ્રોહિબેશન એક્ટ અમલમાં આવ્યાના સાત દાયકા પછીનો કયો એક્ટ ગુજરાત હાઈકોર્ટ સમક્ષ પડકારવામાં આવ્યો છે ? – ગુજરાત પ્રોહિબેશન એક્ટ, 1949
- બેંગ્લોર સબ–અર્બન રેલ પ્રોજેક્ટ સૌપ્રથમ કયા વર્ષમાં પ્રસ્તાવિત કરવામાં આવ્યો હતો ? – 1983
- તાજેતરમાં કયા એરફોર્સ બેઝ પર ડ્રોન દ્વારા આતંકી હુમલો થયો હતો ? – જમ્મુ એરફોર્સ બેઝ
- પેરિસમાં આયોજિત તીરંદાજી વિશ્વકપમાં કઈ મહિલા ખેલાડીએ ત્રણ ગોલ્ડ મેડલ જીત્યા છે ? – સુશ્રી દીપિકા કુમારી
- બૈહેતન હાઈડ્રોઈલેક્ટ્રિક ડેમ પ્રોજેક્ટ કઈ દેશનો છે ? – ચીન
- તાજેતરમાં કયા મંત્રાલયે લઘુ અને મધ્યમ કંપની (SMC)ની વ્યાખ્યામાં વધારો કર્યો છે ? – કોર્પોરેટ બાબતોના મંત્રાલયે
- WHOએ તાજેતરમાં કયા દેશને મેલેરિયા મુક્ત જાહેર કર્યો છે ? – ચીન
- યુરોપિયન યુનિયન ગ્રીન પાસ સૂચિમાંથી ભારતની કઈ રસીને દૂર કરી છે ? – કોવિશિલ્ડ
- 'ભરિતલાસુચસ તપની' શું છે ? – માસાંહારી સરીસૃપ
- સ્ટારલિંક વૈશ્વિક સ્તરે ઈન્ટરનેટ પ્રદાન કરશે. સ્ટારલિંક શું છે ? – સેટેલાઈટનો જૂથ
- આંતરરાષ્ટ્રીય સ્થળાંતર કામદારો પર કોણે રિપોર્ટ બહાર પાડયો હતો ? – ILO
- તાજેતરમાં ભારતીય રેલ્વેએ કયા સ્ટેશન પર દેશનું પ્રથમ મૂવેબલ ફ્રેશવોટર ટનલ એક્વેરિયમ બનાવશે ? – બેંગ્લુરુ
- તાજેતરમાં ગુગલના એક એનિમેટેડ ડૂડલમાં 'સર લુડવિગ ગુટમેન'ને શ્રધ્ધાંજલી આપવામાં આવી હતી. તે કયા દેશના છે ? – જર્મની

INSTITUTE FOR COMPETITIVE EXAMS

# Question Of this Week

1. તાજેતરમાં કઈ ભારતીય સંસ્થાએ કોવિડ-19 માટે સસ્તી અને ઝડપી એન્ટિજન ટેસ્ટ કીટ વિકસાવી છે. જેની કિંમત માત્ર 50 રૂપિયા છે ? – IIT દિલ્હી
2. ભારતના કયા રાજ્યએ તાજેતરમાં માછીમારોની સુરક્ષા માટે સમિતિની રચના કરી છે ? – કેરળ
3. કેન્દ્ર સરકારે FAME યોજનાને કયા વર્ષ સુધી વધારવાનો નિર્ણય લીધો છે ? – 2024
   (તાજેતરમાં કેન્દ્ર સરકારે FAME યોજનાને 2 વર્ષ સુધી વધારવાનો નિર્ણય કર્યો છે. FAME નું પૂરું નામ 'Faster Adoption and Manufacturing of Electric Vehicles' છે. શરૂઆતમાં આ યોજના 1 એપ્રિલ, 2019થી ત્રણ વર્ષના સમયગાળા માટે લાગુ થવાની હતી. પરંતુ હવે તે 31 માર્ચ 2024 સુધી અમલમાં રહેશે.)
4. 'યુનાઈટેડ નેશન્સ વર્લ્ડ ફૂડ પ્રોગ્રામ' (WFP) અને ભારતના કયા રાજ્યએ ઘરેલું ખાદ્ય અને પોષણ સુરક્ષા સુધારવા માટે ભાગીદારી કરી છે ? – ઓડિશા
5. તાજેતરમાં ભારતના કયા ખેલાડીએ ફિનલેન્ડમાં 79.86 મીટરના અંતરે જેવેલિન થ્રો (ભાલા ફેંક)માં બ્રોન્ઝ જીત્યો છે ? – શ્રી નીરજ ચોપડા
6. કયા ભારતીય મહિલા ક્રિકેટર તમામ ફોર્મેટમાં ડેબ્યૂ કરનાર સૌથી યુવા ભારતીય ક્રિકેટર બન્યા છે ? – સુશ્રી શૈફાલી વર્મા
7. તાજેતરમાં કઈ સંસ્થાએ 'વિકર' (Wicker) મેસેજિંગ એપ્લિકેશનને તેમના હસ્તગત કરી છે ? – એમેઝોન
8. વિશ્વની અગ્રણી બ્રાન્ડ વેલ્યુએશન કન્સલ્ટન્સી બ્રાન્ડ ફાઈનાન્સના વાર્ષિક 'હોટલ 50 - 2021' અહેવાલ અનુસાર કઈ હોટલ વિશ્વની સૌથી મજબૂત હોટલ બ્રાન્ડ બની છે ? – તાજ (Taj)
9. તાજેતરમાં કયા રાજ્યના ડ્રેગન ફ્રૂટની દુબઈમાં નિકાસ કરવામાં આવી છે ? – મહારાષ્ટ્ર
   (મહારાષ્ટ્રના સાંગલી જિલ્લાના તાડાસર ગામના ખેડૂતો પાસેથી મેળવેલ ડ્રેગન ફ્રૂટનો તાજેતરમાં દુબઈમાં નિકાસ કરવામાં આવી છે. ડ્રેગન ફ્રૂટને 'કમલમ' તરીકે પણ ઓળખવામાં આવે છે.)
10. કયું કેન્દ્રીય મંત્રાલય મંત્રાલય નશા મુક્ત ભારત અભિયાન (NBMA) લાગુ કરી રહ્યું છે ? – સામાજિક ન્યાય અને અધિકારકતા મંત્રાલય
11. તાજેતરમાં કયા રાજ્યમાં સરકારી નોકરીઓમાં થતી તમામ ભરતીઓ માટે ઈન્ટરવ્યુ રદ કરવામાં આવ્યું છે ? – આંધ્રપ્રદેશ
    (આંધ્રપ્રદેશ સરકારે સરકારી સેવામાં ભવિષ્યની તમામ ભરતી માટે ઈન્ટરવ્યુની પ્રક્રિયાને સમાપ્ત કરવા માટે ઔપચારિક આદેશ જારી કર્યો છે.)
12. તાજેતરમાં 'ગ્રે લિસ્ટ' ચર્ચામાં રહ્યું હતું. તે કઈ સંસ્થા સાથે સંકળાયેલ છે ? – FATF
    (પેરિસ સ્થિત ફાઈનાન્સિઅલ એક્શન ટાસ્ક ફોર્સ (FATF) મની લોન્ડરિંગ અને ટેરર ફાઈનાન્સિંગ માટે વૈશ્વિક વોચડોગ છે. જ્યારે FATF કોઈ દેશને ગ્રે લિસ્ટમા રાખે છે. ત્યારે તેનો અર્થ એ છે કે તે દેશ પર વધુ દેખરેખ રાખવામાં આવી રહી છે. તાજેતરમાં તેમણે તેમના ગ્રે લિસ્ટમાં માલ્ટા, ફિલિપાઈન્સ અને દક્ષિણ સુદાનના સમાવેશ કર્યો તથા પાકિસ્તાનને પણ આ યાદીમાં યથાવત રાખ્યું છે. જ્યારે ઘાનાને આ સૂચિમાંથી દૂર કરવામાં આવ્યું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

13. તાજેતરમાં કયા દેશમાં તેની ઈકોનોમીને લઈને રમખાણો થયા છે ? – લેબનોન
14. કયા દેશોએ તાજેતરમાં કાળા સમુદ્રમાં 'સી બ્રીજ - 2021' નામનો યુધ્ધ અભ્યાસ શરૂ કર્યો છે ? – યુક્રેન–અમેરિકા
15. બ્રિટને તાજેતરમાં કઈ ક્રિપ્ટોકરેન્સી એક્સચેંજ પર પ્રતિબંધ લગાવ્યો છે ? – Binance
16. માસ્ટર કાર્ડ 28 જૂન, 2021ના રોજ કોની સાથે વ્યૂહાત્મક ઈક્વિટી રોકાણની ઘોષણા કરી છે ?
– ઈન્સ્ટામોજો (Instamojo)
17. ભારતમાં કયા રાજ્યમાંથી દુબઈમાં બર્મી દ્રાક્ષની નિકાસ કરવામાં આવી છે ? – આસામ
(તાજેતરમાં આસામના ગુવાહાટીથી દુબઈમાં તાજી બર્મી દ્રાક્ષની નિકાસ કરવામાં આવી છે. બર્મીઝ દ્રાક્ષને આસામી ભાષામાં 'લટેકુ' કહેવામાં આવે છે. જે વિટામિન સી અને આયર્નથી સમૃધ્ધ છે.)
18. 'મોબાઈલ વર્લ્ડ કોંગ્રેસ-2021' ઈવેન્ટ સ્પેનના કયા શહેરમાં શરૂ થઈ છે ? – બાર્સિલોના
19. તાજેતરમાં કઈ સંસ્થાએ વંશીય ન્યાય અને સમાનતા અંગેનો અહેવાલ પ્રકાશિત કર્યો હતો ? – સંયુક્ત રાષ્ટ્ર
20. કઈ સંસ્થાએ તાજેતરમાં 'નોટ ફોર પ્રોફિટ' હોસ્પિટલ મોડેલ પર એક અભ્યાસ પ્રકાશિત કર્યો હતો ? – નીતિ આયોગ
21. કેન્દ્ર સરકાર દ્વારા ભારતના અટર્ની જનરલ શ્રી કે.કે. વેણુગોપાલના કાર્યકાળમાં કેટલા વર્ષનો વધારો કર્યો છે ? – 1 વર્ષ
22. તાજેતરમાં બરનાડી વન્યજીવ અભ્યારણ્ય ચર્ચામાં રહ્યું હતું. તે કયા રાજ્યમાં સ્થિત છે? – આસામ
23. તાજેતરમાં ચાર્ચામાં રહેલ સુશ્રી રાહી સરનોબતે કઈ રમત સાથે સંકળાયેલ છે ? – શૂટિંગ
24. ICC T-20 ક્રિકેટ વર્લ્ડકપ ભારતના બદલે હવે કયા દેશમાં યોજાશે ? – UAE
25. IISSના રિપોર્ટ અનુસાર ભારતને સાઈબર પાવરની યાદીમાં કેટલામાં સ્તર પર રાખવામાં આવ્યું છે ? – ત્રીજા
(IISSએ 15 દેશોની સાઈબર તાકાતનો અભ્યાસ કરીને એક રિપોર્ટ તૈયાર કર્યો છે. આ રિપોર્ટ અનુસાર ભારતની આક્રમક સાઈબર ક્ષમતા ચીન નહીં પણ પાકિસ્તાન કેન્દ્રિત અને ક્ષેત્રીયરૂપથી પ્રભાવી છે. તથા ભારતને સાઈબર પાવરની યાદીમાં ત્રીજા સ્તર પર રાખવામાં આવ્યું છે. IISSનું પૂરું નામ ઈન્ટરનેશનલ ઈન્સ્ટિટ્યૂટ ફોર સ્ટ્રેટેજિક સ્ટડીઝ છે.)
26. કયું કેન્દ્રીય મંત્રાલય 'આત્મનિર્ભર ભારત રોજગાર' યોજનાનો અમલ કરે છે ? – શ્રમ અને રોજગાર
27. K417N પરિવર્તન SARS-CoV-2 વાયરસના કયા વર્ગીકરણમાં છે ? – ડેલ્ટા પ્લસ
28. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ કઈ કેટેગરીની બેન્કોને આઉટસોર્સિંગ માટે માર્ગદર્શિકા જારી કરી છે ? – સહકારી બેંક
(રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ નાણાકીય સેવાઓના આઉટસોર્સિંગથી થતા જોખમોને સાંચાલિત કરવા સહકારી બેન્કોને માર્ગદર્શિકા જાહેર કરી છે.)
29. તાજેતરમાં કોના દ્વારા 'Enforcing Contracts Portal' લોન્ચ કરવામાં આવ્યું છે ? – ન્યાય વિભાગ
30. શિક્ષણ પરીક્ષણ સેવા (Education Testing Service -ETS) એ કઈ પરીક્ષાઓ માટે આધારકાર્ડનો ઉપયોગ કરવાની મંજૂરી આપી છે ? – GRE અને TOEFL
31. ભારતે ત્રણ મહિના માટે ક્રૂડ પામ તેલ પરનો આયાત કર 15% થી ઘટાડીને ______ કર્યો છે.
– 10% (આ નવો શુલ્ક 30 જૂન, 2021 થી લાગુ થશે)
32. કેન્દ્ર સરકારે નીતિ આયોગના CEO શ્રી અમિતાભ કાન્તનો કાર્યકાળ કેટલા વર્ષ માટે વધાર્યો છે ? – 1 વર્ષ

33. તમિલનાડુના કુડનકુલમ ન્યુકિલયર પાવર પ્લાન્ટમાં રશિયા એ કેટલામાં એકમનું નિર્માણ કાર્ય શરૂ કર્યુ છે ? – 5 મા
(રશિયાએ 29 જૂન, 2021ના રોજ તમિલનાડુના કુડનકુલમ ખાતે પાંચમાં પરમાણુ ઉર્જા એકમનું નિર્માણ કાર્ય શરૂ કર્યુ છે. આ વિકાસ બંને દેશો વચ્ચેના દ્વિપક્ષીય સંબંધોમાં મહત્વપૂર્ણ પગલું છે. રશિયાની રોસાટોમ કંપની આ પ્લાન્ટના નિર્માણ માટે તકનીકી પ્રદાન કરી રહી છે. આ પ્લાન્ટમાં છ યુનિટનો સમાવેશ થાય છે. અને તેની ઉત્પાદન ક્ષમતા 1,000 મેગાવોટની છે.)

34. તાજેતરમાં સુશ્રી સિડની મૈકલઘલિનએ મહિલાઓની 400 મીટર દોડમાં 51.90 સેકન્ડમાં એક નવો વિશ્વ રેકોર્ડ બનાવ્યો છે. તે કયા દેશના ખેલાડી છે ? – અમેરિકા

35. તાજેતરમાં અંદમાન ટાપુઓમાં ‘કોફી ફેમલી’ વર્ગ સાથે સંબંધિત નવી પ્રજાતિ ________ની શોધ થઈ છે. – પાયરોસ્ટ્રિયા લાલજી

36. તાજેતરમાં પીથમપુર ખાતે એશિયાનો સૌથી લાંબો 11.3 કિ.મીનો હાઈસ્પીડ ટ્રેક શરૂ કરાયો છે. તે કયા રાજ્યમાં સ્થિત છે ? – મધ્યપ્રદેશ

37. કયા રાજ્યએ 30 જૂન 2021ના રોજ 2021-24 માટે નવા IT નિયમો રજૂ કર્યો છે ? – આંધ્રપ્રદેશ
(આંધ્રપ્રદેશ સરકારે 30 જૂન 2021ના રોજ તેમના નવા 'AP Information Technology Policy 2021-24' લોન્ચ કરી છે. આ નીતિ અંતર્ગત આગામી ત્રણ વર્ષમાં 55000 થી વધુ રોજગારી મેળવવાની ધારણા છે.)

38. CBSE અને કઈ નાણાકીય સંસ્થાએ છઠ્ઠા ધોરણના વિદ્યાર્થીઓ માટે નાણાકીય સાક્ષરતા અભ્યાસક્રમ શરૂ કરવા ભાગીદારી કરી છે ? – NPCI

39. ફેસબુકે ફીલાન્સ લેખકોને પ્રોત્સાહન આપવાના હેતુથી ______નામના તેના નવા પ્રકાશન ટૂલની રજૂઆત કરવાની ઘોષણા કરી છે. – બુલેટિન

40. તાજેતરમાં કઈ સંસ્થાએ રાજ્યની માલિકીની વીમા કંપની યુનાઈટેડ ઈન્ડિયા ઈન્સ્યુરન્સ કવરેજ (UIIC)ના ખાનગીકરણની ભલામણ કરી છે ? – નીતિ આયોગ

41. તાજેતરમાં ચર્ચામાં રહેલ ‘ગિન્ડી નેશનલ પાર્ક’ કયા રાજ્યામાં સ્થિત છે ? – તમિલનાડુ

42. શ્રી વિજયભાઈ રૂપાણીએ કઈ જિલ્લા પંચાયતની ‘પ્રજાના પ્રશ્નો’ નામની એપ્લિકેશનનો પ્રારંભ કરાવ્યો છે ? – રાજકોટ

43. અમેરિકન સૈન્યએ લગભગ બે દાયકા પછી _____દેશનું બગરામ એરફિલ્ડ છોડી દીધું છે. – અફઘાનિસ્તાન

44. રમત–ગમત મંત્રાલયે ભારતમાં રમત–ગમતને પ્રોત્સાશન આપવા માટે કઈ ફેડરેશનને ‘નેશનલ સ્પોર્ટસ ફેડરેશન’ (NSF) તરીકે માન્યતા આપવાનો નિર્ણય લીધો છે ? – WAKO ઈન્ડિયા બોક્સિંગ ફેડરેશન

45. કેન્દ્ર સરકારે LICના અધ્યક્ષની નિવૃત્તિ વય વધારીને કેટલા વર્ષ કરી છે ? – 62

46. તાજેતરમાં કઈ રાજ્ય અથવા કેન્દ્રશાસિત પ્રદેશ ‘કલાઉડ આધારિત હેલ્થકેર પ્રોજેક્ટ’ શરૂ કર્યો છે ? – દિલ્હી

47. AJNIFM અને ______એ MOU પર હસ્તાક્ષર કર્યા છે. – માઈક્રોસોફટ
(અરુણ જેટલી નેશનલ ઈન્સ્ટિટયુટ ઓફ ફાઈનાન્શિયલ મેનેજમેન્ટ (AJNIFM)અને માઈક્રોસોફટે AJNIFM માં આર્ટિફિશયલ ઈન્ટેલિજેન્સ અને ઉભરતી તકનીકીઓ માટે સેન્ટર ઓફ એકસેલન્સ બનાવવા માટે MOU પર હસ્તાક્ષર કર્યા છે.)

48. ફ્રાન્સની નૌસેના દ્વારા રીયૂનિયન દ્રીપ પર ‘હિંદ મહાસાગર નૌસેના સેમિનાર’ (IONS)ની કેટલામી આવૃતિનું આયોજન કર્યુ હતું ? – 7 મી

INSTITUTE FOR COMPETITIVE EXAMS

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા**

Social Media Icon **પર** Click **કરો.**

**JOIN OUR WHATSAPP GROUP**
joinicerajkot.com

**JOIN OUR TELEGRAM**
t.me/icerajkotofficial

**YouTube**
ICE RAJKOT

**Instagram**
ICE RAJKOT

**Facebook**
like | comment | share
ICE RAJKOT

**twitter**
ICE RAJKOT